કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૬ એપ્રિલ, ૨૦૨૫ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી,ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
અમરભાઈ વાઢા : 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

◆અંક નંબર : ૨૮૩◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ચૈત્ર વદ-૧૩◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### સુરત-અમદાવાદમાં પોલીસનું મેગા ઓપરેશન : હર્ષ સંઘવીનો ઘુસણખોરો પર સપાટો

# ગુજરાતમાં મધરાતે બાંગ્લાદેશીઓ પર મોટી સ્ટ્રાઈક

**ગૃહમંત્રી હર્ષ સંઘવીએ યોજી મહત્પવૂર્ણ બેઠક : સુરત સીપી કચેરીથી વીસી મારફતે ઉચ્ચ અધિકારીઓ સાથે યોજી મીટીંગ : મોડી રાતથી ૧૦૦૦ જેટલા બાંગ્લાદેશીઓની કરાઈ અટકાયાત : મોડી રાત સુધી આદર્યુ મેગા સર્ચ આપેરેશન**

## સુરતમાં હર્ષ સંઘવીની મોટી બેઠક : પોલીસ વડા, રેન્જઆઈજી-એસપીશ્રીઓ-વિવિધ એજન્સીના અધિકારીઓ બેઠકમાં જોડાયા




ગાંધીનગર : ગત મધરાતે અમદાવાદ-સુરતમાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશીઓની સામે ઓપરેશન હાથ ધરી અને કાર્યવાહી કરાઈ છે. આ બન્ને શહેરોમાં એજન્સીઓની ટીમ દ્વારા બાંગ્લાદેશીઓને શોધી અટકાયાત કરવામા આવી છે. ત્યારે આજ રોજ સુરતથી ગૃહમત્રી હર્ષ સંઘવીએ એક મોટી બેઠક યોજી છે. તેઓએ અહી વીસીથી બેઠક કરી છે. જેમાં વિકાસ સહાય, રેન્જઆઈજીશ્રીઓ, જિલ્લા પોલીસ વડા ઉપરાંત અલગ અલગ એજન્સીઓના અધિકારીઓને પણ હાજર રાખવામા આવ્યા હતા. આ બેઠકમાં અમદાવાદ-સુરતમા થયેલી કાર્યવાહી સહિતની માહીતીઓ બાદ તમામને સતર્ક રહેવા અને

અનુસંધાન પાના નં.૪ પર

### અમદાવાદ સુરતમાં પોલીસનું મોટું ઓપરેશન : ગેરકાયદેસર વસવાટ કરતા ૮૫૦થી વધુ બાંગ્લાદેશીઓ ઝડપાયા



અમદાવાદ: અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા બાંગ્લાદેશી ઘુસણખોરો ને પકડવા અમદાવાદ શહેર પોલીસની વિવિધ ટીમો દ્વારા સઘન ચેકિંગ કરીને ૪૦૦ થી વધુ બાંગ્લાદેશી ઘુસણખોરો ને ઝડપી પાડીને ડોક્યુમેન્ટ ની ચકાસણી હાથ ધરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ગુજરાત રાજ્યમાં ગુજરાત પોલીસ એલર્ટ થઈ ગઈ છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમા

અનુસંધાન પાના નં.૪ પર

ગાંધીનગર : ગુજરાતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે આજે રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી ની અધ્યક્ષતામાં એક મહત્વની વિડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક શરૂ થઈ છે. જેમાં રાજ્યમાં સઘન સુરક્ષા વ્યવસ્થા અંગે તેમજ ગેરકાયદેસર રીતે વસતા બાંગ્લાદેશીઓ તેમજ પાકિસ્તાનીઓ સંદર્ભે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને કેટલાક મહત્વના નિર્ણયો લઈને શહેર પોલીસ કમિશનરો અને રેન્જ આઈજી ઓને કેટલીક સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. જમ્મુ કશ્મીરના પહેલગામમાં થયેલા આંતકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર દ્વારા પાકિસ્તાન સામે કરવામાં આવેલી કાર્યવાહી અને ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આજે રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ સુરત શહેર પોલીસ કમિશનર કચેરી ખાતેથી વિડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે એક મહત્વની બેઠક યોજી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત સરહદી રાજ્ય છે અને પાકિસ્તાન સાથે સરહદ જોડાયેલી છે ત્યારે ગુજરાતના સરહદી વિસ્તારો તેમજ દરિયાઈ વિસ્તારોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થા

અનુસંધાન પાના નં.૪ પર

### ઘુસપેઠીયાઓને આશરો આપનારા કાન ખોલીને સાંભળી લે : હર્ષ સંઘવી

## ઐતિહાસીક ઓપરેશન બદલ સુરત-અમદાવાદ પોલીસની ટીમને અભિનંદન : હર્ષ સંઘવી

**ઘુસપેઠીયાઓ સામેથી શરણાગતી સ્વીકારે, નહી તો ગુજરાત પોલીસ ખુણેખુણામાથી શોધીને કડકમાં કડક પગલા તેમની સામે લેશે : ગૃહમંત્રીશ્રીની લાલઆંખ**




ગાધીનગર : ગત રોજ અમદાવાદ અને સુરતમં બાંગ્લાદેશસીઓ સામે જે લાલઆંખ કરવામાં આવી છે અમદાવાદ પોલીસે ૮૯૦ જેટલા ગેરકાયદેસર બાંગ્લાદેશી તથા સુરત પોલીસ દ્વારા ૧૨૪ જેટલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને પકડવામાં સફળતા પ્રાપ્ત કરી છે. ગુજરાત પોલીસનું આ આજ સુધીનું સૌથી મોટુ ઓપેરશન છે. જેમાં ગેરકાયદેસર રીતે રહેનારા ને શોધી શોધીને પકડીપાડયા છે. ખાસ કરીને આ બધાય બાંગ્લાદેશી બંગાળના મારફતે ત્યા થઈ અને ગેરકાયદેસર રીતે કેટલાક નકલી દસ્તાવેજો બનાવ્યા હતા અને તે જ માધ્યમથી ગુજરાત અને ભારતના અલગ અલગ રાજયોમાં પહેલા રહી ચૂકયા

અનુર.પાના નં.૪ પર

## અમદાવાદ-સુરત જેવી કાર્યવાહી ગુજરાતમાં થશે : વિકાસ સહાય

**ડીટેઈન કરાયેલા તમામનું જોઈન્ટ ઈન્ટ્રોગેશન કરવામા આવશે**



ગૃહમંત્રીશ્રીની હાજરી વીસીના માધ્યમથી તમામ રેન્જ આઈજી-પોલીસ વડા-એજન્સીઓને સુચનો આપી દેવાયા : રાજય પોલીસ વડા

અમદાવાદ : પહેલગામ હુમલા બાદ અમદાવાદ -સુરતમાં બાંગ્લાદેશી પર સ્ટ્રાઈક કરવામા આવી છે જે બાદ આજ રોજ મહત્વપૂણ બેઠક રાજયના પોલીસ વડા દ્વારા યોજવામા આવી હતી અને તે પછી પ્રેસ યોજી અને તેઓએ કહયુ હતુ કે, આજ રોજ અમદાવાદ શહેર તથા સુરત શહેરમાં જે કામગીરી થઈ છે તે પ્રકારની કામગીર સમગ્ર રાજયમાં થાય, ગુજરાત રાજયના દરેક જિલ્લામાં આ પ્રકારની અસરકારક કામગીર થાય, અને જાહેર ગેરકાયદેસર વસવાટ કરતા તત્વોની સામે નિયમ મુજબની કાર્યવાહી કડક રીતે થાય તેના માટે સુચના આપવા હેતુ વીસીના માધ્યમથી દરેકને નિર્દેશ અપાઈ ગયા છે. આ વ્યવસ્થાઓમાં ગુજરાત પોલીસના તમામ અધીકારીઓ તેમાં જોડાય અને આવતા દિવસોમાં કામગીરી થાય તે માટે વીસી રાખવામા આવી હતી. અને તેમાં ગુજરાત

અનુર.પાના નં.૪ પર

### મોદી સરકારના પાણીદાર પ્રહાર વખતે સુચક સંકેત

## માત્ર સિંધુ જ નહીં, ભારતની આ ચાર નદીઓનું પાણી પણ પાકિસ્તાનમાં વહે છે



ગાંધીનગર : ભારતમાં હજારો નદીઓ વહે છે. દરમિયાન, નદીઓ ઘણા રાજ્યોને પાર કરીને મહાસાગરમાં જોડાય છે. તે જ સમયે, કેટલીક નદીઓ છે જે દેશ અને વિદેશમાં વહે છે. આવી સ્થિતિમાં, શું તમે જાણો છો કે ભારતથી પાકિસ્તાન તરફ વહેતી નદીઓ કઈ છે? સિંધુ નદીનું ઉદ્ગમ સ્થાન તિબેટ નજીક સિન-કા-બાબ નામના પ્રવાહને ગણવામાં આવે છે. અહીંથી નીકળ્યા પછી, આ નદી તિબેટ અને કાશ્મીરની વચ્ચે વહે છે અને નંગા પરબતના ઉત્તરીય ભાગમાંથી પસાર થયા પછી, આ નદી પાકિસ્તાનમાંથી પસાર થાય છે અને અંતે અરબી સમુદ્રમાં જોડાય છે.આ નદીનો મોટાભાગનો ભાગ પાકિસ્તાનમાં છે અને તે પાકિસ્તાનની રાષ્ટ્રીય નદી પણ છે. નદીની કુલ લંબાઈ ૩૬૧૦ કિલોમીટર છે. આ નદીમાં પાંચ ઉપનદીઓ છે, જે ઝેલમ, ચંદ્રભાગા, ઈરાવતી, વિપાસા અને સતલજ નદીઓ છે. ઝેલમ નદીનું વૈદિક સંસ્કૃત નામ વિતાસ્તા નદી છે. આ નદી જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના વેરીનાગ નામના સ્થળેથી નીકળે છે. આ નદી પાકિસ્તાન પ્રાંતના ઝાંગ જિલ્લામાં ત્રિમ્મુ નામના સ્થાને ચેનાબ નદી સાથે ભળી જાય છે. આ નદીની કુલ લંબાઈ ૭૨૫ કિલોમીટર છે. ચેનાબ નદીનું પાણી હિમાચલ પ્રદેશના બારા લાચા પાસમાંથી આવે છે. અહીંથી દક્ષિણ તરફ વહેતી નદીને ચંદ્ર અને ઉત્તર તરફ વહેતી નદીને ભાગા કહેવામાં આવે છે. આ બે નદીઓનો હિમાચલના ટાંડી ગામમાં સંગમ થાય છે, જે ચેનાબ નદી બનાવે છે. આ નદી જમ્મુ અને કાશ્મીરના જમ્મુ ક્ષેત્રમાંથી પાકિસ્તાનના મેદાનોમાં વહે છે અને સિંધુ જળ સંધિ હેઠળ એક મહત્વપૂર્ણ નદી છે. આ નદીની કુલ લંબાઈ ૯૬૦ કિલોમીટર છે.

રાવી નદીને લાહોર નદી પણ કહેવામાં આવે છે. આ નદી હિમાચલ પ્રદેશના રોહતાંગ પાસમાંથી નીકળે છે. આ પછી આ નદી જમ્મુ-કાશ્મીર અને પંજાબમાંથી પસાર થાય છે અને પાકિસ્તાનના ઝાંગ જિલ્લામાં ચેનાબ નદીમાં ભળી જાય છે. આ નદી અમૃતસર અને ગુરદાસ પુરની સરહદ પણ બનાવે છે અને તેની કુલ લંબાઈ ૭૨૦ કિલોમીટર છે. સતલુજ નદીનું પૌરાણિક નામ શુતુદ્રી છે. પંજાબમાં વહેતી પાંચ નદીઓમાં તેની લંબાઈ સૌથી લાંબી છે. તેનું મૂળ દક્ષિણ-પશ્ચિમ તિબેટમાં આવેલા રક્ષાસ્તલ ગ્લેશિયરમાંથી છે. અહીંથી નીકળ્યા બાદ આ નદી હિમાચલ પ્રદેશમાંથી પસાર થઈને પંજાબના રૂપનગર જિલ્લામાં પ્રવેશે છે. અહીં લુધિયાણા અને મોગા થઈને રોપર જિલ્લામાં શિવાલિક પહાડીઓ વચ્ચે વહે છે. આ તે જગ્યા છે જ્યાં તે પહાડી વિસ્તારો છોડીને મેદાનોમાં પહોંચે છે. આ નદી પાકિસ્તાનમાં ફાઝિલ્કાની પશ્ચિમે વહે છે, જે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ બનાવે છે.

## પાકિસ્તાન વિરુદ્દ યુદ્ધના ભણકારા

**જમ્મુ કાશ્મીરમાં કટોકટી માટે તૈયાર થઈ રહી છે હોસ્પિટલો**



નવી દિલ્હી : એપ્રિલ ૨૦૨૫: ભારત પાકિસ્તાનના તણાવ વચ્ચે જમ્મુની ગવર્નમેન્ટ મેડિકલ કોલેજને કોઈ પણ ઈમરજન્સીના નિવારણ માટે તૈયાર રહેવા કહેવાયું છે. હોસ્પિટલના સ્ટોર કીપરને પણ તમામ જરુરી સપ્લાઈ, ઈમરજન્સી દવાઓ અને મહત્ત્વના સાધનો તરત ઉપયોગ કરવા માટે તૈયાર રાખવાના નિર્દેશ આપી દીધા છે. આ ઉપરાંત હોસ્પિટલના કર્મચારીઓને બિનજરુરી રજાઓ ન લેવાની સલાહ આપ વામાં આવી. આ નિર્દેશો પર કોર્ડિનેશન માટે એક ૨૪×૭ કંટ્રોલ રુમ પણ બનાવ્યો છે.શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર તુલસી ગબાર્ડે એક પોસ્ટમાં લખ્યું કે તે પહલગામમાં ૨૬ હિન્દુઓને ટાર્ગે બનાવીને કરેલા ભયંકર હુમલા બાદ ભારત સાથે મજબૂતીથી ઊભા છે. તેમણે શોક સંતપ્ત પરિવારો, પ્રધાનમંત્રી મોદી અને આખા ભારતના લોકો પ્રત્યે પોતાની ઊંડી સંવેદના વ્યક્ત કરી

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાત સરકાર એકશનમાં-ઘુસપેઠીયાઓની હકાલપટ્ટી



ગાંધીનગર : પહેલગામના આતંકવાદી હુમલા બાદ ભારત ભરમાં આક્રોશ ફેલાયેલો છે. કેન્દ્રની મોદી સરકાર અને રાજય સરકાર પણ નાપાક મુલકને કડક જવાબ આપવાના એકશનમાં આવી જવા પામી છે. દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર ગુજરાત સરકાર પણ આ બાબતે હરકતમાં આવી જવા પામી છે. અને સરકારના પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલ દ્વારા પણ આજ રોજ મીડીયાની સાથે વાતચીત કરતા ક્હયુ હતુ કે, સરકાર એકશનમાં છે, કોઈ પણ ઘુસપેઠીયાને બક્ષવામાં નહી આવે તેની હકાલપટ્ટી કરી દેવાશે. તેઓએ કહયુ કે, આતંકવાદ માત્ર ક્રોસબોર્ડર પુરતુ જ સીમીતી નથી રહ્યુ. તેમણે જણાવ્યુ કે, બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓ ભારતમાં આવી અને અશાંતી ફેલાવવાનુ કામ કરી રહ્યા છે. ગુજરાતમાથી ઘુસણખોરોનીઓળખ કરી અને તેમને ચોકકસથી દેશવટો આપવામા આવશે. બાંગ્લાદેશીઓ સહિતનાઓએ નકલી દસ્તાવેજો બનાવી અને રહ્ય હોવાની વાત સામે આવી રહી છે તે મામલે શ્રી પટેલે જણાવ્યુ કે, નકલી ઓળખપત્રો હશે તો તેને પણ શોધી શોધીને કાર્યવાહી કરવામા આવશે. ડીપોર્ટ કરવાની કામગીરી જેટલી ઝડપી બનશે તેટલી કરવામા આવશે.

## ભારત - પાક. વચ્ચે તનાવ પણ અમેરિકા દરમ્યાનગીરી નહી કરે : ટ્રમ્પ

**અમેરિકાના ગુપ્તચર વડાએ ‘મદદ’ની ઓફર કરી ટ્રમ્પે વિવાદમાં પડવા ઈન્કાર કર્યો**

વોશિંગ્ટન : પહેલગામ પર થયેલા ત્રાસવાદી હુમલામાં પ્રથમ વખત પ્રતિભાવ આપતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાને બેડ-વન- ‘ખરાબ’ ગણાવાની સાથે જો કે તે મુદ્દે અમેરિકાની દરમ્યાનગીરીનો ઈન્કાર કર્યો હતો.તેઓએ ભારત-પાકિસ્તાન વચ્ચે સતત વધતા જતા તનાવને ઠંડે કલેજે લેતા એવું વિધાન કર્યુ કે, હું ભારતની અત્યંત નજીક છું તેમ પાકિસ્તાનની પણ અત્યંત નજીક છું અને તમો જાણો છો કે કાશ્મીરમાં તેઓ ૧૦૦૦ વર્ષથી લડે છે અને વધુ ૧૦૦૦ વર્ષ ચાલી શકે છે અને કદાચ તેનાથી પણ વધુ... અને ગઈકાલે જે બન્યુ તે ખોટું હતું. ખરેખર ખોટું હતુ.... ટ્રમ્પે પહેલગામ હુમલામાં ૩૦ લોકો માર્યા ગયા તેવું પણ જણાવ્યું હતું.શ્રી ટ્રમ્પે કાશ્મીર મુદ્દે ભારત-પાક વચ્ચે અમેરિકી દરમ્યાનગીરીનો ઈન્કાર કરતા કહ્યું કે, તેઓ બન્ને આ વિવાદ ઉકેલી લેશે. તેઓએ ફરી આ તનાવ ૧૫૦૦ વર્ષથી હોવાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે કહ્યું કે એક યા બીજી રીતે તેઓ આ વિવાદ ઉકેલી લેશે તેવુ કહેતા સ્વીકાર્યુ કે બન્ને દેશો વચ્ચે અત્યંત તનાવ છે પણ તે કાયમ હોય જ છે.શ્રી ટ્રમ્પ પોપ ફ્રાન્સીસના અંતિમવિધિમાં ભાગ લેવા રોમ જઈ રહ્યા હતા. તે સમયે એરફોર્સ

અનુસંધાન પાના નં.૪ પર

## કાશ્મીરમાં આતંકીઓ પર સેનાની તવાઈ : ફુલ ૭ આતંકીઓના ઘરો બોમ્બથી ધ્વસ્ત

શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) : પહેલગામ હુમલા બાદ સુરક્ષા દળોની આતંકીઓ વિરૂદ્ધ કાર્યવાહી ચાલુ છે.સુરક્ષા દળોએ પુલવામાં શોપીયા અને ફુલ ગામમાં આતંકીઓનાં ઘર આઈઈડીથી ધ્વસ્ત કરી નાખ્યા છે અને સતત એકશન લેવાઈ રહ્યા છે.શોપિયાનાં ચોટીપોરામાં એક સક્રિય ટોચનો લશ્કરનો આતંકી કમાન્ડર શાહીદ અહમદ ફુદેનાં ઘરને સુરક્ષા દળોએ જમીનદોસ્ત કરી નાખ્યુ હતું. શાહીદ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી સક્રિય છે અને અનેક રાષ્ટ્રવિરોધી ગતિવિધીમાં સામેલ છે.શુક્રવારને રાત્રે સુરક્ષા દળોએ ફુલગામનાં કિવમોહમાં આતંકી જાકીર ગનીનાં કિવમોહમાં આતંકી જાકીર ગનીનાં ઘરને તોડી પાડયુ છે. જાકીર ૨૦૨૩ માં લશ્કરમાં સામેલ થયો હતો. પહેલગામ હુમલા બાદ અત્યાર સુધી સુરક્ષા દળો દ્વારા કુલ પાંચ આતંકીઓના ઘર ધ્વસ્ત કરવામાં આવ્યા છે.આ પહેલાં શૂક્રવારે પુલવામામાં સેનાએ એક વધુ આતંકીનુ ઘર ધ્વસ્ત કર્યુ હતું.

# અંજારમાં શ્રી મામૈદેવ બગથડા દાદાનો યાત્રા મહોત્સવની ઉજવણી

અંજાર : મહેશપંથી મહેશ્વરી સંપ્રદાયના ઈષ્ટદેવ પરમપૂજ્ય દેવશ્રી મામૈદેવ બગથડા દાદાનો યાત્રા મહોત્સવ દર વર્ષની જેમ હાલમાં ચૈત્ર વદ અમાસ તા. ૨૭/૦૪/૨૦૨૫ ને રવિવારના રોજ ધાર્મિક રીતે ઉજવવામાં આવશે. યાત્રા મહોત્સવ ઉજવણીની તૈયારી જેસલ-તોરલ સમાધીની બાજુમાં શ્રી મામૈદેવ બગથડા મંદિર સ્થાનકે જોરશોરથી ચાલી રહી છે. આ યાત્રા મહોત્સવ મહેશપંથી સંપ્રદાયના પીર સાહેબ શ્રી નારાયણદેવ લાલણ દાદાની આગેવાની હેઠળ ઉજવવામાં આવશે. શ્રી મામૈદેવ બગથડા મંદિરે યાત્રા મહોત્સવમાં ધર્મગુરૂ શ્રી ઓ તથા મહેમાનોનું સન્માન, પ્રવચન તથા ધર્મ ગુરૂશ્રીઓ ધ્વારા જ્ઞાનશાસ્ત્ર તેમજ મહાધુપ કરવામાં આવશે. આ યાત્રા મહોત્સવમાં તા. ૨૭/૦૪/૨૦૨૫, ગુરૂવારના વહેલી સવારના ધ્વજા ચડાવવામાં આવશે તથા દાદાને ભેટુ ચડાવવામાં આવશે તથા સવારના ૦૯:૧૫ વાગ્યે શ્રી મામૈદેવ સ્થાનક બગથડા યાત્રાધામના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ, શ્રીમતિ વીમળાબેન ખીમજીભાઈ સિંધવ દંપતિના વરદ હસ્તે મામૈદેવ મંદિર સ્થાનકે પવિત્ર બારમતીપંથ કરવામાં આવશે. આ યાત્રા મહોત્સવ સવારના ૦૫:૦૦ કલાકેથી રાત્રીના ૦૮:૦૦ વાગ્યા સુધી ઉજવવામાં આવશે. સાંજે



૦૭.૦૦ કલાકે શ્રી રાજેશભાઈ થારુ ટીમ અને મંજુલાબેન આયડી દ્વારા ધર્મગુરૂશ્રીઓ, સર્વે યાત્રાધામ તેમજ સમાજ ના આગેવાનો તથા સમસ્ત સમાજની વિશેષ ઉપસ્થિતિમાં દાદાની ધુપ દ્વારા મહા આરતી કરવામાં આવશે, આ યાત્રા મહોત્સવમાં સમગ્ર કચ્છ હાલાર ગુજરાત રાજયમાંથી પાંત્રીસથી ચાલીસ હજાર ભાવીકો ઉપસ્થિત રહી યાત્રા મહોત્સવનો લાભ લેશે. યાત્રા મહોત્સવને સફળ બનાવવા મંદિરના પુજારી ખીમજીભાઈ ધનજીભાઈ માતંગ, ધર્મગુરૂ શ્રી લક્ષ્મણભાઈ દેવરાજભાઈ માતંગ, ગોપાલભાઈ માતંગ, અનીલભાઈ માતંગ, ભરતભાઈ માતંગ, નીરજભાઈ માતંગ, કમલેશભાઈ માતંગ, શંભુભાઈ આત્મારામ મારાજ, મહેશભાઈ આત્મારામ મારાજ, કિશોરભાઈ આત્મારામ મારાજ, કાંતીભાઈ ધોરીયા, સમાજના અગ્રણી રામજીભાઈ ખેતશીભાઈ ઘેડા, લાલજીભાઈ કે. મહેશ્વરી, રણમલભાઈ પારિયા, રામજીભાઈ ધુવા, અંજાર મહેશ્વરી સમાજના યુવા અગ્રણી, શ્રી માતઈ દેવ તપોભુમિ યાત્રાધામ ટ્રસ્ટના મહામંત્રી અને અંજાર શહેર વોર્ડ નં. ૭ ના નગરસેવક મયુરભાઈ ખીમજીભાઈ સિંધવ, ઉપપ્રમુખ ડાયાલાલ કેશવજીભાઈ બળગા, મહામંત્રી હિરજી દેવજીભાઈ નોરીયા, મંત્રી ખમુભાઈ ખીમરાજભાઈ માતંગ, લાલજી વેલજીભાઈ બળગા, સહમંત્રી મંગલજી દેવરાજભાઈ ઢેરા, ખજાનચી ગોપાલ પચાણભાઈ કોચરા તથા શ્રી મામૈદેવ યુવા ગ્રુપ, લુણંગ નગર યુવા ગ્રુપ, વિજયનગર યુવા ગ્રુપ, શ્રી માટીયાનગર યુવા ગ્રુપ વિગેરે જહેમત ઉઠાવી રહયા છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા અંજાર નગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ, પોલીસ સ્ટાફના અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ તેમજ પી.જી.વી.સી.એલ. સ્ટાફના અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ પુરતી સેવા તેમજ સહકાર આપી રહયા છે.તેવું યાત્રાધામના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવની યાદી જણાવે છે.





અંજાર શહેર અને તાલુકા યુવા ભાજપ દ્વારા જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલા સામે જનાક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો અને આતંકવાદ અને પાકિસ્તાન વિરુદ્ધ નારેબાજી અંજાર શહેર મધ્યે કરવામાં આવી અને આતંકીહુમલામાં મૃત્યુ પામેલા આપણા સૌ સ્વજનોને ભાવપૂર્વક શ્રધાંજલિ અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

# એસ આર સી લી. દ્વારા લીઝ કેન્સેલેસન / નોટીસનો નિર્ણય અમાનુષી : સમીપભાઇ જોષી

ગાંધીધામ : ગાંધીધામ - આદિપુર શહેરમાં વધતી જતી વસ્તીની સામે કોમૅશીયલ(વેપારી) પ્લોટની અછત તેમજ પ્લોટ/જમીનનાં હેતુ ફેર કરવાની નીતીનો સંપુર્ણ અભાવએમાં દીન દયાળ પોર્ટ ઓથીરોટી અને એસઆરસી લી નું મિલકત ધારકો પ્રત્યેનું નકારાત્મક જ વલણને કારણે સુનિયોજીત શહેરનો વિકાસ બેઢંગો બન્યો છેં.

ભારતનગરમાં આખો બજાર રહેણાંક હેતુના પ્લોટસમાં બનેલી છે તો ગાંધીધામ - આદિપુર શહેરના મોટા ભાગના વિતારોમાં પણ રહેણાંક હેતુનાં પ્લોટસ ઉપર કોમૅશીયલ પ્રોપટી ઉભી છે આમ રહેણાંક હેતુનાં પ્લોટસ ઉપર બનેલી કોમૅશીયલ પ્રોપર્ટી માટે તંત્રએ ગંભીરતાથી સત્વરે નીતી બનાવવી પડશે.

હાલમાં જ એસ આર સી લી. દવારા માત્ર ગણ્યાં ગાંઠયા લોકોની ઈરાદાપૂર્વક ટાર્ગેટ બનાવીને લીઝ કોન્સેલેસન / નોટીસો આપવામાં આવી છે તે રાગદવેષ યુકત, એકતરફી, અવિચારી, અન્યાયી, અમાનુષી, અત્યાચારી નિર્ણય છે સદરહુ વિષય ન્યાયલયમાં પેન્ડીંગ છે ઘણાં પ્લોટ ધારકોએ હેતુ ફેર માટેની કરેલી અરજીઓ એસઆરસી લી પાસે પેન્ડીંગ છે ત્યારે એસ આર સી લી.નો આ નિર્ણય શહેરના વિકાસને રુંધનારો બની રહે છેં આગામી દિવસોમાં સમગ્ર શહેરમાં જન જાગૃતી ફેલીવી, મૌન ગાંધી ચિધ્યા માર્ગે બીન રાજકીય આંદોલન શહેરમાં હીતમાં કરવામાં આવશે

# ગાંધીધામમા વિશ્વ મલેરિયા દિવસની ઉજવણી





ગાંધીધામ : મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ મિતેષ ભંડેરી સાહેબ તાલુકા આરોગ્ય અધિકારી /ic/અધિક જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસર ગાંધીધામ શ્રી ડૉ દિનેશ એસ સુતરીયા સાહેબ ના માર્ગદર્શન હેઠળ ૨૫એપ્રિલ ના વિશ્વ મલેરિયા દિવસ ની ઉજવણી ગાંધીધામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કિડાણા , મીઠી રોહર,અર્બન હેલ્થ સેન્ટર આદિપુર ૧, આદિપુર ૨, ગાંધીધામ૧, ગાંધીધામ૨, ગાંધીધામ૩, ગાંધીધામ૪,ગાંધીધામ૫ ખાતે ઉજવણી કરવામાં આવેલ. મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા અર્બન અને ગ્રામ્ય વિસ્તારના મેડિકલ ઓફિસર ના માર્ગદર્શન હેઠળ આરોગ્યની ટીમો બનાવી તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમા રોગપ્રતિબંધક પગલા જેવા કે એન્ટી લાર્વલ કામગીરી,લઘુ શિબિર , ગુરુ શિબિર,રેલી ,જૂથ ચર્ચા દ્વારા મેલેરિયા અટકાયત પગલાં અંગે નું આરોગ્ય શિક્ષણ આપ વામાં આવ્યું હતું. તથા મેલેરિયા મુક્ત અંગેનો સંકલ્પ આજ રોજ લેવા માં આવ્યો હતો.મેલેરિયા થીમ ૨૦૨૫'' Maleriya End with usReinvest, Reimagine, Reignite " "મેલેરીયાનો અંત આપડા થી શરૂઆત થાય છે. પુનઃ નિવેશ કરો, નવેસર થી કલ્પના કરો, જુસ્સો જગાવો.,''અંગે માહિતી આપી હતી. આરોગ્ય કર્મીઓ ને કામગીરી મા સહયોગ આપે તે જરૂરી છે.મેલેરીયા અને ડેન્ગ્યુ જેવા રોગોને અટકાવવા તાલુકા હેલ્થ ઑફિસર ડૉ દિનેશ સુતરીયા દ્વારા

લોકો ઘરના,ઑફિસ સ્થળના તમામ પાણીના પાત્રો ટાંકી,ટાકા,માટલી વગેરે વાસણો ઢાકી ને રાખે.ડબલા,પક્ષીકુજ વગેરે સાફ કરીને સૂર્યપ્રકાશ મા સૂકાવા દે.ઘરની આસપાસ કે છત પર ભરાયેલા પાણી નો નિકાલ કરે.બહાર લાબો સમય ભરાઈ રહેતા પાણી મા બળેલુ ઓઈલ કે કેરોસીન નાખવાથી મચ્છર ઉત્પતિ થતી નથી.જુના ભંગાર,ડબલા ડબલી,ડીસ્પૉઝેબલ કપ,નાળિયેર ની કાચલી કે ટાયરમા ભરાયેલ પાણીમા મચ્છર ઉત્પન થાય છે.ફ્રીજ ની ટ્રે,ફૂલદાની,કૂલર વગેરે પાત્રો નિયમિત સાફ કરવા જોઈએ.દર અઠવાડિયે એક દિવસ ઘરની સેવા સાથે લોકસેવા કરી શકો છો અને આ રીતે મચ્છર ઉત્પતિસ્થાન મા ઘટાડો થતા ડેન્ગ્યુ,મેલેરિયા અને ચીકનગુનીયા જેવા રોગો અટકાવી શકાય છે.દરેક વિભાગો અને લોકો પોતાના ધાબાની છત પર મુલાકાત કરી ભરાયેલ પાણીનો તાતકાલિક નિકાલ કરે અને સફાઈ કરે તેવી અપીલ કરાઈ છે.

પાણી ઉકાળીને પીવો અથવા તો ૨૦ લિટર પાણીમા એક ક્લોરિનની ગોળી નાખી ક્લોરીનયુક્ત પાણી પીવુ જોઈએ. માખીનો ઉપદ્રવ વધી રહ્યો હોય તો બહાર ના વાસી અને ખુલ્લો રહેતો ખોરાક ખાવાનુ ટાળવુ. તાવ આવે કે તરત જ નજીક ના આરોગ્ય કેન્દ્ર કે આરોગ્ય સ્ટાફ નો સંપર્ક કરી લોહીની તપાસ કરાવવી.વરસાદી નાળામા સાફ સફાઈ કરી પાણી વહેતુ કરાય,ડસ્ટીગ થાય,સ્વચ્છતા અભિયાન થાય તેમજ સંબંધિત વિભાગો પીવાના પાણીનુ સુપર ક્લોરીનેશન કરે તો રોગચાળા ને અટકાવી શકાય.તમામ સ્કૂલો,સરકારી ઑફિસ અને તમામ જગ્યાએ ધાબા પર ભરાયેલ પાણી દૂર થાય તે જરૂરી છે.ડૉ સાગર બોખાણી,ડો નિશીથ સુથાર,ડો રિયા મંગેરીયા,ડો મયુર ખાંટ,ડૉ હેતલ વડેરા,ડૉ ભકિત ઠક્કર,તાલુકા સુપરવાઈઝર વિનોદ ગેલોતર,ચેતનાબેન જોશી,સિધ્ધરાજ સોલંકી,નિરવ ચૌહાણ,કમલેશ પટેલ,યોગેશ માલીવાડ,કુબેર મુનિયા વગેરે દ્વારા કાર્યક્રમનુ મોનીટરીંગ કરાઈ રહ્યુ છે.

# રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી નિમિતે રાષ્ટ્રીય મહિલા પંચાયત અધિવેશન – ૨૦૨૫માં વક્તવ્ય આપતા દેવઈબેન કાનગડ

## ભારતના સાત અલગ અલગ રાજ્યો જોડાયા હતા

ગાંધીધામ : રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી નિમિતે રાષ્ટ્રીય સરપંચ સંઘના મહાસચિવ શ્રી દેવઈબેન કાનગડએ પોતાના વક્તવ્યમાં મહિલા સરપંચોના હિતમાં અલગ અલગ પ્રકારે આવતી ચૂનોતીઓ સામે કેમ ટકી રહેવું તથા સરપંચોનો મુખ્ય ધ્યેય ભૌતિક સુવિધાઓના વિકાસની સાથે સાથે સામાજિક,આર્થિક વિકાસ અને કુરિવાજોમાં ગામના એક લીડર એટલે કે ગામની પ્રથમ વ્યક્તિ તરીકેની ભૂમિકાઓ




કઈ કઈ હોઈ શકે તથા તે બાબતે તેઓએ કરેલા કામો અને નિર્ણયોની વિસ્તાર પૂર્વક ઉપસ્થિત રહેલ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ તથા ઑરરીસાના મહિલા સરપંચ શ્રી,માજી સરપંચ શ્રી, સભ્યો, બાલિકા પંચાયતના સભ્યોને વિગતવાર સમજણ આપી હતી. તથા અધિવેશનમાં ઉપસ્થિત રહેલ UN WOMEN INDIA ના કાન્તા સિંઘ જી તથા આનંદી ફાઉન્ડેશનના બોર્ડ મેમ્બર વિભૂતિ પટેલને તેમના દ્વારા થયેલ કામોની વિસ્તાર પૂર્વક માહિતી આપી હતી.

# મીઠીરોહરમાં બિનઅધિકૃત દબાણ પર વહિવટી તંત્રનું બૂલડોઝર ફર્યું

ગાંધીધામ : મીઠીરોહર વિસ્તારમાં ગઈકાલે વહિવટીતંત્રે અસામાજિક તત્ત્વો દ્વારા કરાયેલા બિનઅધિકૃત દબાણો પર વહિવટીતંત્ર દ્વારા બૂલડોઝર ફેરવવામાં આવ્યું હતું.

મળતી વિગતો અનુસાર મીઠીરોહરમાં સરકારી ટાવર્સ વિસ્તારમાં અંદાજી ૧૫૦ ચો. મી જગ્યામાં માવજી બિજલ આહિર, ઈમરાન કુરેશી અને જસા વિશા રબારીએ બિનઅધિકૃત બાંધકામ કર્યું હતું. ઉપરાંત અન્ય ટાવર્સની ૧ હજાર ચો.મી. જમીનમાં ઓસમાણ આધા સોઢાના વારસદારો અસલમ સોઢા તથા અન્ય સભ્યોએ કોમર્શિયલ દબાણો ઉભા કરીને જમીનને ફરતે દિવાલ બાંધી હતી. અગાઉ આ બાબતે નોટીસ અપાઈ હોવા છતાં કોઈ કાર્યવાહી દબાણકર્તાઓએ ન કરતા આખરે મામલતદાર જે.એસ. સિંધીના માર્ગદર્શન હેઠળ વહિવટી ટીમે સ્થળ પર પહોંચી બિનઅધિકૃત બાંધકામો પર કાર્યવાહી કરતાં કુલ ૧૧૫૦ ચોરસ મીટર જમીન ખાલી કરાવવામાં આવી હતી. જંત્રી મુજબ ખાલી કરાયેલી સરકારી જમીનની અંદાજીત કિંમત ૨૦,૯૩,૦૦૦ જેટલી હોવાનું તંત્રે જણાવ્યું હતું. આ કામગીરીથી દબાણ કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે. તંત્રે સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે, સરકારી જમીન પર બિનઅધિકૃત દબાણ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આવનાર સમયમાં આ ઝુંબેશ વધુ તીવ્ર બનાવવમાં આવશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.

# કિડાણા મધ્યે વિશ્વ મેલેરિયા દિવસનું આયોજન



તાલુકા હેલ્થ ઓફિસર ગાંધીધામ ઇન્ચાર્જ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. દિનેશ સુતરીયા સાહેબ અને તાલુકા સુપરવાઝર વિનોદભાઈના માર્ગદર્શન હેઠળ વિશ્વ મેલેરિયા દિવસનું આયોજન PHC કિડાણા મધ્યે કરવા માં આવ્યું જેમાં - મેલેરિયા શું છે ? - મેલેરિયા ના લક્ષણો વિશે - તથા મેલેરીયા અટકાયત માટે પગલા લેવા. PHC કિડાણા મધ્યે લાર્વા (પોરા) પ્રદર્શન ગપ્પી ફિશ (પોરા ભક્ષકમાછલી) પ્રદર્શન IEC રાખવામાં આવ્યું હતું.જેમાં મેડિકલ ઓફિસર ડૉ ભક્તિબેન ઠકકર ફાર્મશીષ્ટ અનિલ ભાઈ ભઠર MPHS.નીરવ ચૌહાણ LT જિગ્ના બેન જોષી MPHW .CHO .FHW. બેન આશાબેનો PHC કિડાણા નો તમામ સ્ટાફ સહયોગ આપ્યો હતો. મેલેરિયા અટકાયત પગલાં અંગે નું આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. તથા મેલેરિયા મુક્ત અંગે નો સંકલ્પ આજ રોજ લેવા માં આવ્યો હતો.મેલેરિયા થીમ ૨૦૨૫'' Maleriya End with usReinvest,Reimagine, Reignite " "મેલેરીયાનો અંત આપડા થી શરૂઆત થાય છે. પુનઃ નિવેશ કરો, નવેસરથી કલ્પના કરો, જુસ્સો જગાવો.,''અંગે માહિતી આપી હતી.

## સમર સ્પેશિયલ ટુરમાં બુકીંગ કરાવનાર અવઢવમાં મૂકાયા

# કચ્છની કાશ્મીર સાથે ચારધામ યાત્રાના બુકીંગો રદ્દ થયા

**પહેલાગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ઉનાળુ વેકેશન માટે આગોતરા પ્રવાસ આયોજનો કરનાર પરિવારોએ બુકીંગ કરાવ્યા રદ્દ : જમ્મુ-કાશ્મીરના ટુર ઓપરેટરોને પેકેજ ટુરના લોકેશન બદલવાની પડી ફરજ**

ભુજ : ગત મંગળવારે કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાની સીધી અસર પ્રવાસન ઉદ્યોગને થઈ છે. ખાસ કરીને ઉનાળુ વેકેશનમાં જમ્મુ-કાશ્મીરના પ્રવાસ માટે આગોતરા આયોજન કરનાર પરિવારો અવઢવમાં મૂકાયા છે. ટુરિઝમ બિઝનેસ સાથે સંકળાયેલા સ્થાનિક ટુર ઓરેટરોના જણાવ્યા અનુસાર કચ્છવાસીઓ જીવના જોખમે પ્રવાસ ખેડવાના બદલે અન્ય લોકેશનનો વિચાર કરી રહ્યા છે. કચ્છથી કાશ્મીરના પ્રવાસ માટે એડવાન્સમાં જ થઈ ગયેલા બુકીંગ ધડાધડ કેન્સલ થઈ રહ્યા છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ગત વર્ષોની માફક આ વર્ષે ઉનાળુ વેકેશનની સમર સ્પેશિયલ ટુર સાથે પવિત્ર ચારધામ યાત્રા, જમ્મુ - કાશ્મીર, દક્ષિણ ભારત સહિત અનેકવિધ પર્યટન સ્થળોના એડવાન્સ બુકિંગ કચ્છવાસીઓએ કરાવ્યા હતા. ઉનાળુ વેકેશનના પ્રારંભ પૂર્વે જ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં નિર્દોષ પર્યટકોનો ભોગ લેવાતા પ્રવાસન ઉદ્યોગને માઠી અસર થઈ છે. પ્રવાસી જનતામાં ભારે ડર ફલાયો છે, જેથી કચ્છ સહિત રાજ્યભરમાંથી અગામી ઉજી મેથી શરૂ થનાર ઉનાળુ વેકેશનમાં કાશ્મીર, ચારધામ યાત્રાના પ્રવાસ માટે આયોજન કરનાર પરિવારો પોતાના બુકીંગ કેન્સલ કરાવી રહ્યા છે. ટુર ઓપરેટરો, એરલાઈન્સ કંપનીઓ અને હોટલ માટે કરાવવામાં આવેલ બુકિંગ ઘડોધડ કેન્સલ થયા છે. યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાતા આગામી મે મહિનાથી શરૂ થઈ રહેલી ચારધામ યાત્રા પર પણ અસર થઈ છે સાથે જ અમરનાથની યાત્રાની તૈયારી કરી રહેલા શ્રદ્ધાળુઓ પણ મૂંઝવણમાં મૂકાયા છે.

સ્થાનિક ટુર ઓપરેટર અને પ્રવાસી વાહનના સંચાલકોના જણાવ્યા અનુસાર ઉનાળુ વેકેશનના પ્રારંભ પૂર્વે જમ્મુ-કાશ્મીર અને ઉત્તર ભારતના પ્રવાસન સ્થળો માટે થયેલ બુકિંગ કેન્સલ થઈ રહ્યા છે. કેટલાક ટુર ઓપરેટરોએ પોતાના પેકેજ ટુરના લોકેશનમાં ફેરફાર કર્યો છે.

## કચ્છની આરોગ્ય સુવિધામાં વધારો

# ભુજમાં અત્યાધુનિક સુવિધા સજ્જ સંઘવી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનો પ્રારંભ





**કચ્છના સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ધારાસભ્યો કેશુભાઈ પટેલ અને પ્રદ્યુમનસિંહ જાડેજા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરાયો શુભારંભ : ૧૦૦ બેડની અલ્ટ્રા મોર્ડન સુવિધાઓથી સુસજ્જ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોની સેવાનો મળશે લાભ : તમામ પ્રકારના જટીલ રોગો માટે મહાનગરો જેવી આધુનિક સારવારનો કચ્છવાસીઓને ઘર આંગણે મળશે લાભ**

ભુજ : કચ્છ જિલ્લાના આરોગ્ય ક્ષેત્રે અત્યાધુનિક સારવારની સુવિધામાં વધારો થયો છે. જિલ્લા મથક ભુજમાં મિરજાપર હાઈવે પર અલ્ટ્રા મોર્ડન સુવિધાઓથી સજ્જ સંઘવી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનો રવિવારે શુભારંભ કરાયો હતો. કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલને દર્દીઓની સેવામાં ખુલ્લી મુકવામાં આવી હતી.

સંઘવી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના સીઈઓ પ્રતિકભાઈ શાહે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ હોસ્પિટલમા તમામ પ્રકારના જટીલ રોગો માટે દેશના મહાનગરો જેવી જ આધુનિક સારવાર ઉપલબ્ધ થશે. આ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન અને સારવારનો કચ્છવાસીઓને લાભ મળશે. કુલ્લ ૧૦૦ બેડ ધરાવતી હોસ્પિટલમાં ૨૪ કલાક લેબોરેટરી, ફાર્મસી, ૪૫ આઈસીયુ બેડ, પીઆઈસીયુ, એનઆઈસીયુ, ૨૦ ઈકો, ટીએમટી, સોનોગ્રાફી, એક્સ-રે સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત દુરબીનથી થતા ઓપરેશન, ગંભીર અને અતિ ગંભીર રોગની સારવાર, જોઈન્ટ રીપ્લેસમેન્ટ, મોડયુલર ઓપરેશન થીયેટર, એડવાન્સ વેન્ટિલેટર, રસીકરણ જેવી મહત્વની સુવિધાઓ પણ મળી રહેશે. ઓર્થોપેડીક જનરલ ફીઝીશીયન, કાર્ડિયોલોજી, આંખરોગ, શ્વસન રોગ, જનરલ સર્જરી, આઈસીયુ, ક્રિટીકલ, કેર વિભાગ, ન્યુરો અને સ્વાઈન સર્જરી, બાળરોગ, સ્ત્રીરોગ અને રેડિયોલોજીસ્ટ વિભાગમાં નિષ્ણાંત તબીબો અને પેરામેડિકલ સ્ટાફ દર્દીઓની સેવામાં ખડેપગે રહેશે. આ હોસ્પિટલમાં ફીઝિયો થેરાપી અને ડાયાલીસીસની સુવિધા પણ મળી રહેશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું. હોસ્પિટલના શુભારંભ વખતે ઉપસ્થિત સાંસદ, ધારાસભ્યો સહિતનાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. કચ્છના દર્દીઓને જટીલ પ્રકારના રોગની ઘરઆંગણે સારવાર મળી રહેવાનો સંતોષ વ્યકત કર્યો હતો. આ વેળાએ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિ, દિલીપ શાહ, પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ દિલીપભાઈ ત્રિવેદી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શીતલ શાહ, ભુજ તાલુકા ભાજપ પ્રમુખ ભીમજીભાઈ જોધાણી, ભુજ શહેર ભાજપ પ્રમુખ મીત ઠક્કર, ભાડાના પૂર્વ ચેરમેન કિરીટભાઈ સોમપુરા, અશોક હાથી, ધોરડોના સરપંચ મિંયાહુસેન, ક્રેડાઈના પ્રવીણ પીંડોરીયા, ધારાશાસ્ત્રી રાજેશ પ્રેમજીભાઈ ઠક્કર, પૂર્વ પી.પી. કલ્પેશ ગોસ્વામી, અભય શાહ, ડો.આનંદ ચૌધરી, ડો.વિશાલ દેસાઈ, પૂર્વ નગર અધ્યક્ષા હંસાબેન તારાચંદભાઈ છેડા, કવિઓના પ્રમુખ જીગર છેડા, તેરા તુજકો અર્પણના પ્રમુખ હિતેશભાઈ ખંડોર, નિરવ શાહ, પ્રવિણભાઈ પિડોરીયા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પારૂલબેન કારા, ગ્લોબલ કચ્છ ફેડરેશનના પ્રમુખ અનીલ ગોર, સહિતના રાજયકીય, સામાજિક બેડાના આગેવાનો, તબીબો, સ્નેહીજનો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# નખત્રાણાની પાણી પુરવઠા કચેરી અધિકારી વિહોણી

**પીવાના પાણી મુદ્દે ગામડાના લોકો રજૂઆત કરવા આવે પણ જવાબ એક જ અધિકારી નથી ?**

નખત્રાણા : હાલે ઉનાળામાં તાલુકાના અનેક ગામોમાં પીવાના પાણી બૂમરાડ છે. અનેક ગામોમાં છેલ્લા ૧૫ દિવસથી પાણી આવતું નથી. તો કયાંક એકાંતરે આવી રહ્યું છે. જે અંગે રજૂઆત કરવા જાય છે ત્યારે અરજદારોને ઓફિસમાંથી એક જ જવાબ મળી રહ્યો છે, સાહેબ નથી. જેથી અરજદારોને વારંવાર ધક્કા ખાવા છતાં અધિકારીઓ હાજર ન રહેતા અરજદારોને કાળજાળ ગરમીમાં પાણીની રજૂઆત કરવા ક્યાં જવું તેવો સવાલ ઉઠી રહ્યા છે. માત્ર એકલ દોકલ કર્મચારીઓ પાણી પુરવઠા કચેરીમાં હોય છે પરંતુ અધિકારી હાજર ન હોતા અરજદારોને ધર્મ ધક્કા થઈ રહ્યા છે. કાર્યપાલક ઈજનેરની બદલી થઈ ગયાને ૧૫ દિવસ થઈ ગયા હજુ સુધી કોઈ નવા અધિકારી કચેરીમાં ન પહોંચતા અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે.

**ધાવડામાં ૧૫ દિવસથી પાણી ન મળતાં લોકોમાં આક્રોશ**

નખત્રાણા : તાલુકાના ધાવડા મોટા ગામે અ.જા. વિસ્તારમાં ૧૫ દિવસથી પાણી ન મળતાં આજે આ વિસ્તારના લોકોએ તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ વિસ્તારના લાલજીભાઈ લોંચા, અગ્રણીયઓ પચાણભાઈ, ભરતભાઈ, મંજુલાબેન, રિયાબેન બળિયા, નાનબાઈ લોચા, કસ્તુરબેન, કાનબાઈ વગેરે અગ્રણીઓએ કચ્છ ઉદયને કહ્યું હતું કે, ગામમાં અમો વેરા તમામ ભરીએ છીએ છતાં છેલ્લા ૧૫ દિવસથી પાણી આપવામાં આવતું નથી. પાણીની માનવ સર્જીત આફત છે. અને આ બાબતે ગ્રામ પંચાયતના સરપંચ લીલાબેન ગોસ્વામી સાથે વાત કરતાં તેમણે કહ્યું કે, પાણીનું સંચાલન પાણી સમિતિ કરે છે. ગ્રામ પંચાયતને આ સાથે કોઈ લેવા - દેવા નથી. બપોરના પાણીની મોટર બળી ગઈ છે તે રિપેરીંગ થશે. ઉપરાંત પાણીની લાઈનનું જે રિપેરીંગ ખર્ચ છે તેનો પણ સમિતિ નિર્ણય લેશે. કામ પૂર્ણ થતાં રાબેતા મુજબ પાણી મળી જશે.

## ભગવાન પરશુરામ જયંતિ નિમિતે કચ્છના કલાકારો જામનગરમાં નાટકનું મંથન કરશે

ભુજ : બ્રાહ્મણ સમાજના ઈષ્ટદેવ ભગવાન પરશુરામનું જન્મોત્સવ નજીક આવી રહ્યું છે, ત્યારે જામનગર મુકામે ભુજના રંગ નિષ્ઠા કલાવૃંદ દ્વારા તૈયાર કરાયેલું નાટક ભગવાન પરશુરામના જીવન ચરિત્રનું મંચન તા.૨૭/૪ના કરવામાં આવશે. કચ્છ યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સલર ડો. કાંતિ ગોર લેખિત અને રમેશ સોનપાર દિગ્દર્શિત ભગવાન પરશુરામના જીવન ચરિત્રના અંશોનું મંચન કરવામાં આવશે. જેમાં કચ્છના ખ્યાતનામ કલાકારોમાં રમાકાંત સી. સોનપાર, પ્રકાશ શુક્લ, મનોજ સી. સોનપર, નિલય શુક્લ, દુર્ગેશ જોષી, પૂનમ ગોર, સંધ્યાબેન જોશી, ધનશ્રી જોશી, શૈલેષ વ્યાસ, કૌશિક ગોર, ગૌતમ જોશી, જય જોશી, રમેશ સોનપાર, નીતાબેન, રીતુ જોશી, નૃત્યમાં માર્મી શુક્લ, યશ્વી, હસ્તી ગોર, જય શેઠિયા, ઓમ યતિશ જોશી, વિશાલ જોશી સહિતના કલાકારો ભાગ લેશે.

# કચ્છ-ગુજરાતમાં સિંધી વિસ્થાપિતો માટે ખાસ યોજના જાહેર કરવા માંગ

ભુજ : મહારાષ્ટ્ર સરકારના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસની કેબિનેટ દ્વારા "સ્પેશિયલ અભય સ્કીમ-૨૦૨૫૫" જાહેર કરી ૭૮ વર્ષ પહેલા અખંડ ભારતના ભાગલા સમયે વેસ્ટ પાકિસ્તાનથી હિન્દુ સિંધી સમાજના લાખો પરિવારો પોતાના ધર્મની રક્ષા કાજે પહેરેલ કપડે પોતાના ઘરબાર, જમીન, જાયદાદ છોડીને સિંધ પ્રદેશથી હિજરત કરી હિન્દુસ્તાનમાં આવ્યા હતા, તે પૈકી મહારાષ્ટ્ર રાજ્યમાં જે પરિવારોએ વસવાટ કરેલ હતો, તેવી ૩૦ વસાહતોમાં જ્યાં સિંધી વિસ્થાપિતો વસવાટ કરી રહેલ છે તે તમામને ૧૫૦૦ ચો. ફૂટની મર્યાદામાં રહેણાંક અને કોમર્શિયલ હેતુ પ્રમાણે માલિકી હક્કથી આવી જમીનો આપવા માટે સિંધી સમાજના હિતમાં મહત્વનો નિર્ણય કરેલ છે. અખિલ સિંધી સમાજ, ગુજરાતના પ્રમુખ કનુભાઈ છગનાણી દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને જણાવાયું છે કે, હાલ ગુજરાત રાજ્યમાં પણ લાખો સિંધી વિસ્થાપિત પરિવારોની તમામ મુખ્ય શહેરોમાં વસાહતો આવેલ છે અને આ વસાહતોમાં ભારત સરકારના પુનર્વસવાટ ખાતા દ્વારા તત્ત્સમયે સિંધી વિસ્થાપિતોને વળતર રૂપે લિઝથી પ્લોટસ ફાળવેલ છે. ઉપરાંત ત્યારબાદ પણ સમયાંતરે હિજરત કરીને આવેલ સિંધી વિસ્થાપિતો દ્વારા આવી વસાહતોની આસપાસમાં કરેલ કબજાઓ નિયમિત કરીને લિઝ હોલ્ડ ધોરણે પ્લોટો ફાળવવામાં આવેલ છે. ઉપરાંત તત્કાલીન સમયથી આજની તારીખ સુધીમાં પણ અનેક વિસ્થાપિત પરિવારો આવી વસાહતોની આસપાસમાં તત્સમયથી કબજાઓ ધરાવે છે, પરંતુ પુરી જાણકારી અથવા અજ્ઞાનતાને કારણે આવા પરિવારોના કબજાઓ નિયમિત કરાવી શકેલ નથી. સમગ્ર ગુજરાત રાજયના સિંધી સમાજ માટે અખિલ સિંધી સમાજ - ગુજરાત દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી સરકાર પાસે માંગણી કરાઈ છે કે, મહારાષ્ટ્ર સરકાર દ્વારા જાહેર કરેલ "સ્પેશિયલ અભય સ્કીમ-૨૦૨૫" જેવી જ સ્કીમ ગુજરાત રાજ્યમાં પણ લાગુ કરવા માટે ગુજરાત સરકાર નિર્ણય કરે, જેથી સમગ્ર ગુજરાતના સિંધી વિસ્થાપિતોને પણ આ લાભ મળી શકે. ભુજ સિંધી સમાજના પ્રમુખ હરેશભાઈ રાજાણીએ પ્રદેશની આ રજૂઆતમાં કચ્છના રાજકારણીઓ સહકાર આપે તેવી અપીલ કરી હતી.

## બાંગ્લાદેશી પરીવારનો અમદાવાદ પોલીસ સાથે ઘર્ષણની ઘટના ટાંકણે ઉઠતા સવાલ

# કેટલી નફ્ફટાઈ કહેવાય.! : શું ગુજરાત પોલીસ ઘુસપેઠીયાઓના આધાર-પુરાવાઓ પણ ન ચકાસી શકે? સાચા છો તો સહકાર આપો ને?

**અમદાવાદમાં ગેરકાયેસર બાંગ્લાદેશીઓની તપાસ કરવા માટે ગયા ત્યારે મહિલાઓએ આગળ આવી અને પોલીસનો કર્યો પ્રતિકાર : પહેલગામમાં બનેલી ઘટના બાદ કેન્દ્ર સ્તરેથી વછુટેલા આદેશો પછી પોલીસતંત્ર કાર્યવાહી કરે તેમા ખોટુ શું છે? જો ગેરકાયદેસર વસવાટી નથી તો પોલીસને તપાસમા મદદ કરવાના બદલે કેમ ખાખીધારીઓ પર કરી રહ્યા છો હિચકારી હુમલા..?**





ગાંધીધામ : કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટના બાદ દેશભરમાં ભારે આક્રોશ છવાયેલો છે. ઠેર ઠેર પાકીસ્તાનીઓ અને બાંગ્લાદેશીઓ સહિત જે કોઈ પણ ભારતમાં ગેરકાયદેસર વસવાટ કરી રહ્યા છે, ઘુસપેઠીયાઓ છે તેને શોધી શોધીને દેશવટો આપો, તેવી માંગ માત્ર નહી પરંતુ ગુજરાતમાં તો આજ રોજ ગૃહમંત્રી, રાજય પોલીસ વડા સહિતનાઓની બેઠક મળી ગઈ અને આ બધાયને ડીપોર્ટ કરવા મામલે નકકી કરી લેવાયુ છે ત્યારે આજ રોજ અમદાવાદ પોલીસ જયારે આવા બાંગ્લાદેશીઓને દેશવટો આપવાની દીશામાં દસ્તાવેજી ચકાસણીઓ કરવાની કાર્યવાહી કરવા પહોચ્યા ત્યારે અમદાવાદમાં અમુક પરીવારની મહીલાઓ આગળ આવી ગઈ અને જે-તે પોલીસ અધિકારીનો ન માત્ર પ્રતિકાર કર્યો બલ્કે તેમની સામે હાથપાઈ અને ઝપ્પાઝપ્પી પણ કરી દીધી હોવાની ઘટના બનવા પામી ગઈ છે.

અમદાવાદ પોલીસે ગેરકાયદે વસવાટ કરનાર પર સ્ટ્રાઈક કરીને આજે ૮૯૦ જેટલા બાંગ્લાદેશીને ઝડપી પાડ્યાં હતા. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તમામ ડિટેઈન કરાયેલા વ્યક્તિઓનું વેરિફિકેશન હાથ ધરવામાં આવ્યું હતું. ડિટેઈન કરાયેલા વ્યક્તિઓ પાસેના પુરાવાઓની ચકાસણી દરમિયાન પોલીસ અને બાંગ્લાદેશી મહિલાઓ વચ્ચે વિવાદ વિરોધ સર્જાતા ઘર્ષણ સર્જાઇ હતું.

પુરાવાઓ કેવી રીતે અને કોની પાસેથી બનાવ્યા એની તપાસ થશે. કેટલાક બાંગ્લાદેશીઓ પાસે દસ્તાવેજી પુરાવા ન હોવાના કારણે ડિજિટલ વેરિફિકેશન કરવામાં આવશે. ડિજિટલ વેરિફિકેશન કરાવવા માટે સાયબર ક્રાઈમ ઓફિસ લઈ જવામાં આવ્યા છે. જો કે વેરિફિકેશન દરમિયાન બોલાચાલી બાદ બાંગ્લાદેશી મહિલાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. બાંગ્લાદેશીના પરિવારોએ ક્રાઈમ બ્રાન્ચની બહાર હલ્લાબોલ કર્યો હતો.

વિચાર તો કરો આ કેટલી હદે નફ્ફટાઈ કહેવાય..! વિગતે વાત કરીએ તો પહલગામની ઘટના બાદ જે રીતે સરકાર અને એજન્સીઓ એકટીવ થયેલી છે, તેઓને માટે તો દેશ પ્રથમનો જ વિષય હાલમાં પ્રાથમિકતા છે. આવામાં તેમને જેના પર પણ શંકા જાય તેમની પુછતાછ કરી શકે છે. પ્રત્યેક નાગરીકની ભારતમાં ફરજ છે કે પોલીસ સહિતની એજનસીઓને તેમની છાનબીનમા સહકાર આપે. જે ભારતના સાચા નાગરીકો છે તેને કોઈ જ કનડગતો નથી કરવાના કે નથી થવાની, પરંતુ નકલી આધારો સાથે ભારતમાં રહી બાંગલાદેશ અથવા તો પાકીસ્તાનમાથી આવી અને ભારતમાં ગેરપ્રવૃતીઓમાં સંડોવાયેલા હોવાનુ ખુલશે તો તેની સામે તો ચોકકસથી કાર્યવાહી કરવાની થાય જ છે. પરંતુ અમદાવાદમાં પોલીસ જયારે બાંગ્લાદેશી પરીવારની ચકાસણીઓ કરવા ગયા ત્યારે પોલીસની સામે તેઓએ રીતસરની ઝપ્પા ઝપ્પી જ કરી દીધી હતી. આ તો વળી કેવા ભારતીય વસવાટીઓ હશે? તેમની રક્ષા કરનાર પોલીસ પર જ હુમલો કરતા પણ વાર ન કરે? અને જો ખરેખર તેઓ સાચા ભારતીયો છે, બાંગ્લાદેશથી કાયદેસરનો અહી વસવાટ કરી રહ્યા છે, તો પછી પોલીસથી આટલા બધા લડે -ઝઘડે કેમ છે? આવી બધી ગેરવર્તણુક કરવાની કયા જરૂર પડે છે? વિદેશથી ભારતમાં આવી અને આવા તત્વો પડયાપાથર્યા છે અને તેમને પોલીસ આધારો ચકાસી અને કાયદેસરની કાર્યવાહી પણ તેમની સામે ન કરી શકે? હકીકતમાં આવા તત્વોને તો હવે શોધી શોધીને દેશવટો આપવો જ ઘટે.

## પાકિસ્તાનને UNમાંથી પણ લાગ્યો ઝટકો, શક્તિશાળી દેશોનું ભારતને મળ્યું સમર્થન

નવી દિલ્હી : એપ્રિલ : પહલગામ હુમલા બાદ દુનિયાભરની મોટી શક્તિઓ ભારતને સમર્થન આપવા એકત્ર થઈ રહી છે અને દુઃખની આ ઘડીમાં દરેકે ભારત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી છે. હવે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્યોએ પણ આ કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાની આકરી નિંદા કરી છે.

હકીકતમાં, પહેલગામ હુમલામાં ઓછામાં ઓછા ૨૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

સુરક્ષા પરિષદના સભ્યોએ આતંકવાદના આ નિંદનીય કૃત્યના ગુનેગારો, આયોજકો, ફાઈનાન્સર્સ અને પ્રાયોજકોને જવાબદાર ઠેરવવાની અને તેમને ન્યાયના ઠેકાણે લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

કાઉન્સિલના નિવેદનમાં માંગ કરવામાં આવી છે કે આ હત્યાઓ માટે જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવામાં આવે. તેમણે તમામ દેશોને પોતપોતાના સ્તરે આ મુદ્દે સહયોગ કરવાની અપીલ પણ કરી હતી. આ નિવેદનને પાકિસ્તાન માટે મોટા ઝટકા તરીકે જોવામાં આવી રહ્યું છે, કારણ કે પાકિસ્તાન દરરોજ સુરક્ષા પરિષદમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવતું રહે છે.

તેના નિવેદનમાં, સંયુક્ત રાષ્ટ્રએ તમામ દેશોને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત સુરક્ષા પરિષદના ઠરાવો હેઠળ તેમની જવાબદારીઓ અનુસાર આ સંદર્ભે એકસાથે આવવા અને સક્રિયપણે સહકાર આપવા વિનંતી કરી. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું નિવેદન ભારત માટે પણ મહત્વનું છે કારણ કે તેમાં ૧૫ સભ્યો છે, જેમાંથી ૫ સભ્યો વિશ્વના સૌથી શક્તિશાળી દેશો છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્યો વિશ્વના સૌથી શક્તિશાળી દેશો છે. જેમાં ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઈટેડ કિંગડમ અને અમેરિકા સામેલ છે. આ તમામ દેશોએ આ હુમલાની નિંદા કરી છે, જ્યારે યુએસ જાસૂસ વડા તુલસી ગબાર્ડે પાકિસ્તાનને ખુલ્લેઆમ ઠપકો આપ્યો છે.

તેણે X પર લખ્યું, પહલગામમાં ૨૬ હિન્દુઓને નિશાન બનાવતા ભયાનક ઈસ્લામિક આતંકવાદી હુમલાના પગલે અમે ભારત સાથે એકતામાં છીએ. મારી પ્રાર્થના અને ઊંડી સંવેદનાઓ તેમના પ્રિયજનોને ગુમાવનારા લોકો સાથે છે, અમે બધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતના લોકો સાથે છીએ.

# મુંદરામાં ગેરકાયદે રીતે ગેસના બાટલા ભરવાનું કૌભાંડ પકડાયું

**રાજસ્થાનના શખ્સને પકડી નાની-મોટી ગેસની ૧૪૧ બોટલ કબજે કરાઈ : ગેરકાયદે રીતે બાટલા ભરી છૂટકમાં કરાતું હતું વેચાણ**



મુંદરા : ઔદ્યોગિક નગર મુંદરામાં ગેરકાયદે રીતે ઘરેલુ ગેસમાંથી કોમર્શિયલ ગેસના બાટલા ભરવાનું કૌભાંડ પકડાયું છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ મૂળ રાજસ્થનનો હાલે નાના કપાયા ગામે રહેતો સુનિલ મોહનરામ બિશ્નોઈએ ધ્રબ ગામની નદીની બાજુમાં સદ્ગુરૂ કૃપા કોમ્પ્લેક્ષની પાછળ આવેલ ઓરડીઓમાં ગેરકાયદે રીતે ગેસની બોટલો રાખી હોવાની બાતમી મળી હતી, જેના આધારે તપાસ કરતા સામે આવ્યું કે અહીં ગેરકાયદે રીતે રાંધણ ગેસની બોટલો સંગ્રહ કરવામાં આવી હતી, જેમાં પાઈપ જેવા સાધનની મદદથી સિલબંધ ભરેલી ગેસની બોટલોમાંથી સીલ ખોલી અન્ય કોમર્શિયલ ગેસની ખાલી બોટલોમાં ઘરેલુ રાંધણ ગેસ ભરી આ કોમર્શિયલ બાટલાઓ છૂટક બજારમાં વેચવામાં આવતા હતા. મળી આવેલા સુનિલ પાસે કોઈ આધાર પુરાવા મળી આવ્યા ન હતા. તેણે કહ્યું કે, આ ગેસની બોટલો તે હેતરામ કંવરારામ બિશ્નોઈના કહેવાથી લાવ્યો અને તેના કહેવાથી રાંધણ ગેસમાંથી કોમર્શિયલ ગેસના બાટલાઓમાં ગેસ ભરી વજન કાંટા વડે વજન કરી નવી બોટલની જેમ સીલ કરી વેચાણ કરતો હતો. સ્થળ પરથી કોમર્શિયલ ગેસના પાંચ કિલોના ભરેલા ૪૫ બાટલા, ખાલી ૪૧ બાટલા, ૧૯ કિલોના ભરેલા ૮ બાટલા, ખાલી ૨૧ બાટલા તેમજ ઘરેલુ ગેસના ભરેલા ૨ અને ખાલી ૨૪ મળી કુલ્લ ૧૪૧ બાટલા તેમજ પાઈપ, વજનકાંટો, નવા સીલ, સીલ કરવા માટેની ઈલેક્ટ્રીક ગન, હેરફેર માટે ઉપયોગમાં લેવાતા ૪ લાખના બે છોટાહાથી સહિત ૬ લાખનો મુદ્દામાલ કબજે કરી મુંદરા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યો હતો.

### અવાર નવાર પકડાતા ગેસના બાટલાઓમાં પાછળથી એજન્સીને આપી દેવાય છે ક્લિનચીટ

મહત્ત્વની બાબત એ છે કે કચ્છમાં અવાર નવાર આ પ્રમાણે ગેસના બાટલાનો વેપલો પકડાય છે, જેમાં કેસ શોધ્યા બાદ આગળ તપાસમાં કોઈ પ્રગતિ જણાતી નથી. એજન્સીને પણ પાછલા બારણે ક્લિનચીટ આપી દેવાય છે. અગાઉ ભુજ એલસીબીએ માધાપર પાસેથી આ જ પ્રમાણે રાજસ્થાની શખ્સોને પકડી ગેસની હેરફેરનું કૌભાંડ પકડ્યું હતું. જોકે, પાછળ કોઈ ધાક બેસાડતી કાર્યવાહી થઈ નથી. તાજેતરમાં પુરવઠા અધિકારીએ રાપરમાં આજ પ્રમાણે મોટા પ્રમાણમાં સંગ્રહેલી ગેસની બોટલો પકડી હતી, તેમાં પણ એજન્સી સામે કોઈ પગલાં લેવાયા નથી. મુંદરામાં ખાસ કરીને મોટી સંખ્યામાં મજૂરો કામ કરે છે. તેઓના રહેઠાણ પુરાવા પોતાના વતનના હોય છે. આ પ્રમાણે આવા લોકો પાસેથી તેઓ બ્લેકમાં ગેસની બોટલો ખરીદી રસોઈ બનાવતા હોય છે તેવું પણ સામે આવ્યું છે. જોવાનું એ છે કે આ કિસ્સામાં એજન્સી સામે પગલાં લેવાશે કે પછી ક્લિનચીટ આપી દેવાશે.

## પહેલગામ હુમલા બાદ નોસ્ટ્રાડેમસની આ ભવિષ્યવાણી પડશે સાચી ?

નવીદિલ્હી : ફ્રેન્ચ આગાહીકાર અને લેખક નોસ્ટ્રાડેમસે ઘણી ભવિષ્યવાણીઓ કરી છે. વિશ્વ તેની ભવિષ્યવાણીઓને ગંભીરતાથી લે છે. એવું કહેવાય છે કે તેમણે પોતાના પુસ્તક લેસ પ્રોફેટીઝમાં એટલી બધી વસ્તુઓ લખી છે કે તેને વિશ્વભરની ઘટનાઓ સાથે જોડી શકાય છે. રહસ્યમય ભાષામાં લખાયેલી તેમની ભવિષ્યવાણીઓનું અર્થઘટન અલગ રીતે કરવામાં આવે છે.પહેલગામ આતંકી હુમલા બાદ નોસ્ટ્રાડેમસ ફરી એકવાર સમાચારમાં છે કારણ કે તેમણે ત્રીજા વિશ્વ યુદ્ધ વિશે ભવિષ્યવાણી કરી છે, જેને લોકો વર્તમાન પરિસ્થિતિ સાથે જોડી રહ્યા છે.

પહેલગામમાં આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે, જ્યારે તેના જવાબમાં પાકિસ્તાને ધમકી આપી છે કે જો પાણી નહીં છોડવામાં આવે તો પરિણામ સારું નહી આવે. સ્થિતિ એટલી તંગ છે કે સંયુક્ત રાષ્ટ્રે બંને દેશોને સંયમ રાખવાની અપીલ કરી છે, પરંતુ આતંકવાદી હુમલાને લઈને ભારતમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુનિયાને સંદેશો આપ્યો છે કે આતંકવાદીઓ અને તેમના આકાઓને કલ્પના બહારની સજા મળશે.

## સિંધુ જળ સંધિ રદ કર્યા બાદ, પાણી રોકાઇ જવાનો પ્રથમ વીડિયો આવ્યો સામે



નવીદિલ્હી : જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર કરાયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારત સરકારે પાકિસ્તાન સામે આકરા પગલાં ભર્યાં છે, જેમાંનું એક છે પાકિસ્તાન સાથેની 'સિંધુ જળ સંધિ' (ૈઉ - ઈન્ડસ વોટર્સ ટ્રીટી) પર લગાવવામાં આવેલી રોક. ૨૩ એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (ઝઝજી) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને વિદેશ પ્રધાન એસ. જયશંકર પણ હાજર રહ્યા હતા. ત્યારે ચાલો જાણીએ કે સિંધુ જળ સંધિ શું છે અને ક્યારે લાગુ કરવામાં આવી હતી. વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦ માં સદ્ભાવના અને મિત્રતાની ભાવનાથી સિંધુ જળ સંધિ થઈ હતી.'

## શૈક્ષણિક સંસ્થાઓ સિવાયની સરકારી કચેરીઓ માટે કામકાજનો સમય સવારે ૯:30 થી સાંજે ૫:૧૦ કરવાની ગુજરાત વહીવટી સુધારણા પંચે કરી ભલામણ

**ભૂપેન્દ્ર પટેલને ગુજરાત વહીવટી સુધારણા પંચનો દ્વિતીય ભલામણ અહેવાલ સોંપવામાં આવ્યો**

ગાંધીનગર : ગુજરાત વહીવટી સુધારણા પંચે આજે મહત્વની ભલામણો સાથે બીજો અહેવાલ રાજયના મુખ્યમંત્રીને કોપીઓ છે. ગુજરાત વહીવટી સુધારણા પંચે તેના બીજા અહેવાલમાં રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓ સિવાયની સરકારી કચેરીઓનો સમય સવારે ૯:૩૦ તે સાંજના ૫:૧૦ વાગ્યા સુધીનો રાખવાની મહત્વની ભલામણ કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત જ ૨૦૪૭માં વિકસિત ગુજરાત જ ૨૦૪૭ને અગ્રેસર રાખવાના ધ્યેયથી રાજ્ય શાસનના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર માટે ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરેલી છે.

ગુજરાત વહીવટી સુધારણા પંચની રચનાની જાહેરાત થયાના એક જ મહિનામાં પોતાનો પ્રથમ ભલામણ અહેવાલ રાજ્ય સરકારને આ પંચે સુપ્રત કરેલો છે. GARC અધ્યક્ષ ડૉ. હસમુખ અઢીયાના દિશાદર્શનમાં એ જ પરંપરા આગળ ધપાવતા પંચની રચના થયાના બીજા મહિને ૧૦ જેટલી ભલામણો સાથેનો દ્વિતીય ભલામણ અહેવાલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને પંચના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢીયાએ સુપ્રત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સુપ્રત કરવામાં આવેલા GARCના આ બીજા ભલામણ અહેવાલમાં મુખ્યત્વે ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી 'ગવર્મેન્ટ એટ યોર ડોર સ્ટેપ'-સરકાર તમારે દ્વારનો ધ્યેય રાખીને સિટીઝન સેન્ટ્રીક ૧૦ જેટલી ભલામણો કરવામાં આવેલી છે.

# કચ્છમાં ૮૬૮૧ વિદ્યાર્થીઓએ આપી શિષ્યવૃતિ કસોટી

**પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ-૬માં અભ્યાસ કરતા ૭૨૬૫ અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે હાલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા ૧૪૭૬ વિદ્યાર્થીઓએ આપી પરીક્ષા**

ભુજ : રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આજરોજ પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા લેવાઈ હતી. જેમાં કચ્છ જિલ્લામાંથી પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં કુલ્લ ૮૬૮૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કચ્છના પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ પરીક્ષા લેવાઈ હતી. કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિષ્યવૃતિની પરીક્ષામાં કુલ્લ ૭૮૧૫ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. જે પૈકી ૭૨૬૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ત્યારે ૫૫૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષામાં કુલ્લ ૧૮૮૪ નોંધાયેલા છાત્રો પૈકી ૧૪૭૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ત્યારે ૪૦૮ છાત્રો ગેરહાજર રહ્યા હતા.

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓમાંથી તાલુકાવાર ક્વોટા પ્રમાણે પ્રથમ કુલ ૧ હજાર વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ તેમજ ઉત્તિર્ણ થનારા તમામ વિદ્યાર્થીઓને માર્કશીટ કમ પ્રમાણપત્ર એનાયત કરાશે. જ્યારે માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓમાંથી તાલુકાવાર ક્વોટા પ્રમાણે પ્રથમ કુલ ૨૯૦૦ વિદ્યાર્થી જેમાં ગ્રામ્યના ૧૫૦૦, શહેરી વિસ્તારના ૧૦૦૦ અને ટ્રાયબલના ૪૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ ઉત્તિર્ણ થનારા તમામ વિદ્યાર્થીઓને માર્કશીટ કમ પ્રમાણપત્ર એનાયત કરાશે તેવું જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે જણાવ્યું હતું.

## પહેલા પાનાથી...

**ગુજરાતમાં મધરાતે**

ની જાળવણી સહિત સરહદી સુરક્ષા સહિતના વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા કરીને કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

**સુરતમાં હર્ષ સંઘવીની**

જરૂરી પગલા લેવાના દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે.

**અમદાવાદ સુરતમાં**

અમદાવાદ શહેર પોલીસની વિવિધ ટીમો દ્વારા ગત મોડી રાત્રે રેડ કરીને ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો મોટી સંખ્યામાં ઝડપાયા છે જેમાં ૪૫૪ બાંગ્લાદેશી અમદાવાદ માંથી અને સુરત શહેરમાંથી ૧૦૦ થી વધુ બાંગ્લાદેશી ની અટકાયત કરવામાં આવી છે. અમદાવાદ શહેર પોલીસની જુદી જુદી ટીમો દ્વારા ગત મોડી રાત્રે અમદાવાદમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં ગેરકાયદેસર ઘુસણખોરી કરીને વસવાટ કરતા નાગરિકોને ઝડપી પાડ્યા છે જેમની હાલમાં પૂછપરછ કરીને જરૂરી ડોક્યુમેન્ટની તપાસ હાથ ધરવામાં આવી છે.અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાંથી ગેરકાયદેસર ઘુસણખોરી કરીને વસતા બાંગ્લાદેશીઓની પોલીસે અટક કરીને ક્રાઈમ બ્રાન્ચ લઈ જવામાં આવ્યા છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરીને વસવાટ કરતા બાંગ્લાદેશીઓને પોલીસે પકડીને તેમને ડીપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સુરતમાંથી ૧૩૨ ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરીને વસવાટ કરતા બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા છે જેમાં ૮૮ પુરુષો અને ૪૪ મહિલાનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે પહેલગામમાં થયેલા આંતકવાદી હુમલા બાદ પાકિસ્તાનીઓને પરત મોકલવાના પગલાં ભરવામાં આવી રહ્યા છે તેની સાથે જ બાંગ્લાદેશી સામે પણ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને અમદાવાદ અને સુરતમાંથી કુલ ૮૫૦ થી વધુ બાંગ્લાદેશીઓની અટકાયત કરાઈ છે.

**ઐતિહાસીક ઓપરેશન**

છે. તેમાથી કેટલાય ઘુસણખોરો એવા છે કે, જે ડ્રગ્સ કાર્ટેલ, હ્યમુન ટ્રાફેકીંગ તથા પાછલના કેસમા આપણે જોયુ કે જે ચાર બાંગ્લાદેશી પકડાયા હતા તેમાથી બે બાંગ્લાદેશીઓ સ્લીપર સેલના તોર પર કામ કરી રહ્યા હતા.

**અમદાવાદ-સુરત**

રાજયના ગૃહમંત્રીશ્રી હાજર રહ્યા હતા તે ઉપરાંત રાજયના ટોંચના અધિકારઓ હાજર રહ્યા હતા.

**પાકિસ્તાન વિરુદ**

છે. તેમણે એવું પણ કહ્યું કે,તેઓ ભારત સાથે છે અને આ જઘન્ય હુમલા માટે જવાબદાર લોકોને પકડવામાં આપને ટેકો આપીશું.ભારત સરકારે સિંધુ જળ કરારને તત્કાળ પ્રભાવથી સ્થગિત કરી દીધો છે.

**ભારત - પાક.**

વનમાં પત્રકારો સાથેની વાતચીતમાં આ જવાબો આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકાના ગુપ્તચર વડા તુલસી ગાબાર્ડ હાલમાંજ એક નિવેદનમાં આ હુમલાને વખોડતા ત્રાસવાદ સામેની લડાઈમાં સાથ આપવા અને ત્રાસવાદીઓને 'હંટ-ડાઉન' ખત્મ કરવામાં પણ અમેરિકી મદદની ઓફર કરી હતી તે સંદર્ભમાં ટ્રમ્પનું આ નિવેદન મહત્વનું છે.

## દિલ્હીમાં ભાજપની ટ્રિપલ એન્જિન સરકાર

નવીદિલ્હી : ભાજપના કાઉન્સિલર રાજા ઈકબાલ સિંહ દિલ્હીના મેયર બન્યા છે. તેમણે ૧૩૩ મતની બહુમતી સાથે વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મનદીપને માત્ર ૮ મત મળ્યા હતાં. જય ભગવાન યાદવ (બેગમપુર વોર્ડ) દિલ્હીના ડેપ્યુટી મેયર બન્યા છે. આ સાથે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) બે વર્ષ બાદ ફરી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પાછી ફરી છે.

## 'સિંધુ નદીમાં કાં તો પાણી કાં તો લોહી વહેશે...' ભારતની કાર્યવાહી બાદ બિલાવલ ભુટ્ટોએ ઝેર ઓક્યું

નવીદિલ્હી : પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. જેના કારણે પાકિસ્તાનના મોટા નેતાઓના હોશ ઉડી ગયા છે. આ સંદર્ભમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) ના પ્રમુખ અને વડા પ્રધાન શાહબાઝ શરીફના સાથી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ સિંધુ જળ સંધિ વિવાદ પર ઉશ્કેરણીજનક ટિપ્પણી કરી અને કહ્યું કે નદીમાં લોહી વહેશે.

ઝરદારીએ એક જાહેર રેલીમાં કહ્યું કે હું આ સિંધુ નદી સાથે ઉભો છું અને ભારતને સંદેશ આપું છું કે સિંધુ નદી અમારી છે, કાં તો અમારું પાણી આ નદીમાં વહેશે અથવા તમારું લોહી વહેશે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખે કહ્યું કે ભારતે પહલગામ હુમલા માટે પાકિસ્તાનને દોષી ઠેરવ્યું છે. પોતાની નબળાઈઓ છુપાવવા અને પોતાના લોકોને મૂર્ખ બનાવવા માટે, (ભારતીય વડા પ્રધાન) મોદીએ ખોટા આરોપો લગાવ્યા છે અને સિંધુ જળ સંધિને એકપક્ષીય રીતે સ્થગિત કરી દીધી છે, જેના હેઠળ ભારતે સ્વીકાર્યું છે.

## ગુજરાતમાં બનશે ૨ એક્સપ્રેસ વે અને ૧૨ હાઇસ્પીડ કોરીડોર, ટુરિઝમ વધશે

ગાંધીનગર : ગુજરાત સરકાર ૨ એક્સપ્રેસ વે અને ૧૨ હાઈસ્પીડ કોરીડોરનું નિર્માણ કરવા જઇ રહી છે.સરકારે ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર પ્રોજેક્ટ હેઠળ ૧૩૬૭ કિ.મી લાંબા ૧૨ હાઈસ્પીડ કોરિડોરનું નિર્માણ કરશે.૨ નવા ગ્રીનફીલ્ડ એક્સ્પ્રેસ વે બનશે જેમાં એક બનાસકાંઠાથી સૌરાષ્ટ્રના દરિયાઇ કાંઠાના વિસ્તારને સાંકળતો અને બીજો સોમનાથથી દ્વારકા સુધીનો હશે જે અમદાવાદ, રાજકોટ, પોરબંદર થઇને જશે.ગુજરાતના મહત્ત્વપૂર્ણ ઈન્ડસ્ટ્રીય અને ટુરિસ્ટ ડેસ્ટિનેશનન જોડતા કોરીડોર બનશે જેમાં અમદાવાદથી ડાકોર, સુરતથી સચિન-નવસારી, વડોદરાથી એકતા નગર, રાજકોટથી ભાવનગર, મહેસાણાથી પાલનપુર, અંકલેશ્વરથી રાજપીપળા સુધીનો બનશે. ગાંધીનગરમાં ૪ લેન ફ્લાયઓવર પણ બનાવવામાં આવશે.

**કઠુઆમાં ચાર શકમંદોને જોયા હોવાના મહિલાના દાવાથી સર્ચ ઓપરેશન**

## જમ્મુ-કાશ્મીરમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કાશ્મીરી પંડિતો નવા ટાર્ગેટ

શ્રીનગર : પહલગામમાં આતંકી હુમલાથી ભારતભરમાં આક્રોશ હજુ શાંત નથી થયો ત્યાં કાશ્મીર ખીણમાં હવે કાશ્મીરી પંડિતો અને રેલવે ઈન્ડાસ્ટ્રક્ચર પર હુમલાનું આતંકીઓ કાવતરું ઘડી શકે છે તેમ સુરક્ષા દળોનું માનવું છે.

આ જોખમોને ધ્યાનમાં રાખતાં સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. બીજીબાજુ પહલગામ આતંકી હુમલાના ચાર શકમંદ આતંકીઓ કઠુઆમાં દેખાયા હોવાનો એક મહિલાએ દાવો કરતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. પહલગામમાં આતંકીઓએ પર્યટકોને નિશાન બનાવતા હુમલો કરતાં ભારતભરમાં આક્રોશ ફેલાયેલો છે. હવે સુરક્ષા એજન્સીઓને એવા ઈનપુટ મળ્યા છે કે આતંકીઓ બિન કાશ્મીરીઓ, કાશ્મીરી પંડિતો, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષા દળો પર હુમલા કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, કાશ્મીર ખીણમાં અનેક રેલવે કર્મચારીઓ બિન કાશ્મીરી હોવાથી આતંકીઓ તેમના પર પણ હુમલો કરી શકે છે.

## ભારત સહિત વિશ્વના લાખો વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર

**ટ્રમ્પ સરકારે વિદેશી વિદ્યાર્થીઓના સ્ટુડન્ટ વિઝા પુનઃબહાલ કર્યા**

વોશિંગ્ટન ડીસી : અમેરિકામાં અભ્યાસ કરતાં ભારત સહિત વિશ્વના લાખો વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર છે. ટ્રમ્પ વહીવટતંત્રએ શુક્રવારે એક જાહેરાતમાં જણાવ્યું હતું કે, જે વિદેશી વિદ્યાર્થીઓનો કાનૂની દરજ્જો એકાએક રદ્દ કરાયો હતો તેમના સ્ટુડન્ટ વિઝાનું રજિસ્ટ્રેશન પુનઃબહાલ કરાઈ રહ્યું છે. એક સરકારી વકીલે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ)એ દેશભરમાં અભ્યાસ કરતાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો કાનૂની દરજ્જો રદ્દ કરવાનો નિર્ણય હાલ પૂરતો પાછો ખેંચ્યો છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના સ્ટુડન્ટ્સ વિઝા રજિસ્ટ્રેશન રદ્દ કરવાના સરકારના નિર્ણય સામે કરાયેલા કેસની સુનાવણી દરમિયાન આ નિર્ણયની જાહેરાત કરાઈ હતી. સ્ટુડન્ટ વિઝા રદ્દ કરવાના ટ્રમ્પ સરકારના નિર્ણયને પગલે આશરે ૧૧ લાખથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર અધવચ્ચેથી અભ્યાસ પડતો મુકી અમેરિકા છોડવાનું દબાણ સર્જાયું હતું.

જોઈએ છે ગાંધીધામ માટે
કામવાળી બહેન
ઘરનું સંપૂર્ણ કામકાજ તેમજ સાફ-સફાઈ માટે
ઓફીસની સાફ-સફાઈ કરી શકે તેવો માણસ જોઈએ છે.
મળવાનો સમય :- સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાકે
Mo. 9099079342

# હાજીપીર દરગાહે ૭૦ હજાર લોકોએ માથું ટેકવ્યું





## આજથી હાજીપીરના મેળાનો પ્રારંભ

ભુજ : કચ્છની સરહદ ઉપર આવેલો કોમી એકતાના પ્રતિક હાજીપીરની દરગાહે આજથી ત્રિ-દિવસ મેળાનો પ્રારંભ થયો છે. હાજીપીર વ્યવસ્થાપક સમિતિ અને લુણા ગ્રામ પંચાયત દ્વારા ૨૫૦થી ૩૦૦ પ્લોટની ફાળવણી કરવા આવી છે. નરા પીએસઆઈ વી.ડી. ગોહિલના માર્ગદર્શન તળે અંદાજિત ૩૦૦થી ૩૫૦ પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, એસઆરપી, એક ડીવાયએસપી, ચાર પીઆઈ, ૧૨ પીએસઆઈનો સ્ટાફ ૨૪ કલાક હાજર રહેશે. પાણી પુરવઠા દ્વારા નખત્રાણા કાર્યપાલક એન્જિનિયરના માર્ગદર્શન તળે પાણીની વ્યવસ્થા મેળામાં પૂરતું પાણી પહોંચે તે માટે નરાથી કરીને હાજીપીર ૨૪ કલાક પાણીની સપ્લાય આપવા સક્ષમ રહેશે.

છેલ્લા બે દિવસથી હાજીપીર ગામમાં અને આજુબાજુ વિસ્તારમાં પાણીની તકલીફ ઉત્પન્ન થઈ હતી ત્યારે ધારાસભ્યને જાણ કરતા પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે પાણી પુરવઠા કડક સુચના આપી હતી. પાણી પુરવઠાનો સ્ટાફ ખડેપગે રહેશે.

આર્ચીયન કંપની દ્વારા પાણીના ટેન્કર તથા અબ્દુલ્લા બાવાની વાડીમાંથી ૨૪ કલાક પાણીના ટેક્ટર ફ્રી ભરી દેવામાં આવશે. જીઈબી દ્વારા લાઈટની સપ્લાય ૨૪ કલાક મળી રહે તે માટે સ્ટાફ ખડી પગે છે તેવું નાયબ કાર્યપાલક એન્જિનિયર પરમાર જણાવ્યું હતું. મેડિકલ માટે બોરીવલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હાજીપીર પ્રાથમિક શાળામાં ડોક્ટરની ટીમ સાથે ખડેપગે છે.

હાજીપીર વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ હાજી અબ્બાસ, લુણા ગ્રામ પંચાયતના સરપંચ મૂજાવર હાજી ભચાયા, તલાટી અમીનભાઈ સમાની નિગરાનીમાં મેળાનું સંચાલન થઈ રહ્યું છે. મેળામાં ખાસ કરીને ફુલ ચાદર, નાળિયેર, પ્રસાદી, ચગડોળ, ઠંડા પીણા, ખાણી પીણી કટલેરી, ગરમીના હિસાબે શેરડીના રસના સંચા, પાણીની બોટલ વધારે ભાર મુકાઈ રહ્યો છે. મેળાના પ્રારંભે હાજીપીર ખાતે ભારે ભીડ ઉમટી લોકો પગપાળા અને વાહનો દ્વારા હાજીપીર પહોંચી રહ્યા છે. અત્યાર સુધીમાં અંદાજે ૭૦,૦૦૦ લોકોએ હાજીપીર વલીની દરગાહે માથું ટેકવ્યું છે.

## ભુજ બસપોર્ટથી હાજીપીરના મેળા માટે ખાસ બસો દોડી

ભુજ : કચ્છની રણકાંધીએ હાજીપીર બાબાનો વાર્ષિક મેળો ભરાયો છે. કચ્છ સહિત રાજ્યભરમાં વિખ્યાત આ મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા છે. કચ્છ એસટી વિભાગ દ્વારા પ્રવાસીઓની સુવિધા માટે ખાસ બસો દોડાવવામાં આવી રહી છે.

ભુજ બસ પોર્ટ પરથી ૧ થી ૩ નંબરના પ્લેટફોર્મ પરથી સતત ૨૪ કલાક ભુજ-હાજીપીર બ સેવા શરૂ કરવામાં આવી છે. આજે ૪૯ બસો મેળા માટે ફાળવવામાં આવી છે. જ્યારે રવિવાર અને સોમવાર માટે ૭૪ બસો ફાળવવામાં આવી છે. આ સાથે જ એક્સપ્રેસ રૂટ અને વિદ્યાર્થી ટ્રીપને અસર ન થાય તેની ખાસ તકેદારી સાથે કેટલાક લોકલ રૂટ બંધ કરવામાં આવ્યા છે. ભુજથી હાજીપીર મેળા માટે બે રૂટ પરથી બસ દોડાવવામાં આવી રહી છે. એક રૂટ ભુજથી નખત્રાણા થઈને હાજીપીરનો છે. જ્યારે અન્ય રૂટ પર ભુજથી ધોરડો થઈને હાજીપીર સુધી બસ દોડાવવામાં આવી રહી છે. પ્રવાસી દીઠ બસનું ભાડું રૂા.૧૫૬ રખાયું છે. પ્રવાસી જનતાને ખાસ સેવાનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

# ગામડાઓના વિકાસ માટે રોડ રસ્તા આરોગ્ય અને શિક્ષણની સુવિધા સરકાર કટિબદ્ધ







## નિરોણા ખાતે ૧૯૭૨.૫૧ લાખના ખર્ચે બિબ્બર, નિરોણા, ઝુરા લોરીયા માર્ગનું કરાયું ખાતમુહૂર્ત

નખત્રાણા : તાલુકાના નિરોણા, બિબ્બર, ઝુરા, લોરીયા માર્ગનું અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા તેમજ ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

નિરોણા ફુલ પીર દાદાના સ્થાને કે યોજાયેલા ખાતમુહૂર્ત પ્રસંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ કહ્યું કે, ગામડાના વિકાસ માટેની પ્રથમ જરૂરીયાત રોડ રસ્તાની સુવિધા અનિવાર્ય છે. સરકારે વિકાસ કરવા માટે પ્રથમ રોડ રસ્તા, આરોગ્ય અને શિક્ષણને અગ્રતા આપી છે. વિધાનસભાનું એક પણ ગામ એવું નથી કે, જ્યાં ડામર રોડ કે ગુણવત્તાસભર સીસી રોડ ન હોય. ગામોમાં શાળાઓ અને આરોગ્ય કેન્દ્ર પણ બન્યા છે. સરકારે ડેમ તળાવ, પુલિયા બ્રિજ બનાવવા માટે કરોડોની ગ્રાન્ટ ફાળવી ગામડાનો વિકાસ કર્યો છે. ગામડાને શહેર સાથે જોડતા મજબૂત માર્ગો બનાવ્યા છે. નખત્રાણા અને ભુજ તાલુકાના જોડતા ગામોને બબ્બે વિધાનસભાનો લાભ મળી રહ્યો છે. હાલ વિકાસજેટ ગતિએ ચાલી રહ્યો છે, જે લોકોની નજર સમક્ષ છે. તેમણે કહ્યું કે ગુજરાતનો પ્રથમ સીસી રોડ ૩૨ કિલોમીટર હાજીપીર માર્ગ માટે સરકારે ૯૫ કરોડની માતબર રકમ ફાળવી છે જેમાં પણ અબડાસા તેમજ ભુજ ધારાસભ્યની રજૂઆતો લેખે લાગી છે. સરકારે માંગણી મુજબ વચન પૂરતી પણ કરી છે. ભુજ ધારાસભ્ય તેમજ અબડાસા ધારાસભ્યની વખતો વખતની રજૂઆતો લેખે લાગી છે. ભુજ - નખત્રાણા કોરિડોર માર્ગ માટે પણ ૯૫૦ કરોડ અને ભુજ નારણસરોવર માર્ગ માટે અબજો રૂપિયા ફાળવ્યા, આરોગ્ય, શિક્ષણ, ધાર્મિક સંસ્થાનો માટે પણ વર્તમાન સરકારે કચાસ રાખી નથી. હાલમાં નર્મદા કેનાલનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં જ નિરોણા ડેમમાં નર્મદાના પાણી પડશે, ત્યારે પાવરપટ્ટી સોળે કડાએ ખીલી ઉઠશે. નિર્જીવ ખેતી સજીવ થશે. નખત્રાણા બાયપાસનું કામ ગતિમાં છે. ટૂંક સમયમાં કામો ચાલુ થવાના છે, આવા તો અનેક વિકાસકામો સરકારે અબડાસા વિધાનસભાને આપ્યા છે.

હાજીપીર માર્ગની મજબૂતીકરણ સાથે કામગીરી ટૂંક સમયમાં ચાલુ થશે. વધુમાં ઉમેર્યું કે નિરોણા ફુલ દાદાના સ્થાન કે દસ લાખનો શેડ મંજૂર થયો, આહીર સમાજવાડી માટે પણ દસ લાખનો શેડ, રાતા તળાવના રીપેરીંગ માટે પણ ૫૮ લાખ, બિબ્બર - નિરોણા રોડ કામ માટે ૧૩ કરોડ, હાઈસ્કુલ, પ્રાથમિક શાળા ઓરીડા, નિરોણા રોડ ના કામો માટે પણ સરકારે મોં માંગી ગ્રાન્ટ આપી છે. હાજીપીર માર્ગ બાબતે ધારાસભ્ય સરકારનો આભાર પ્રગટ કર્યો હતો.

ભૂજ ધારાસભ્ય કેશુભાઈ પટેલે કહ્યું કે, જો ગામડાનો ખરા અર્થમાં વિકાસ કરવો હોય તો સ્થાનિક ઈચ્છાશક્તિ હોવી જોઈએ સરકાર આપે જ છે પરંતુ પ્રતિનિધિ મંડળ ટાંટીયા ખેચ કરવાની બદલે ગામના વિકાસમાં રસ લે તો ધારી સફળતા મળે વિકાસનું પ્રથમ પગથિયું મજબૂત રસ્તા છે. વર્ષ ૧૯૯૦ વખતે પશ્ચિમ કચ્છમાં મહત્વના ગામડાઓમા ગાડાવાટ હતી પરંતુ વર્તમાન સરકારે પરિવર્તન લાવી દરેક ગામડાઓમાં સીસી રોડ ડામર રોડ ડેમ તળાવના ખાણેત્રા, આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી સહિતની પાયાની સુવિધાઓ આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હાથમાં શાસન ધુરા આવતા એક પણ ગામડું સુવિધા વિહણું ન બને પશ્ચિમ કચ્છના છેવાળા સુધી સરકારે ફોરલાઈન મંજૂર કરી છે. સુખાકારી યોજનાઓ અમલમાં મૂકી લોકોની વેદના સમજવાનો પ્રયાસ કર્યો છે.

જિલ્લા ખરીદ વેચાણ સંઘના લાલજીભાઈ રામાણી, તાલુકા ભાજપના પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણીએ પ્રાસંગિક ઉદબોધન કરી પશ્ચિમ કચ્છના વિકાસની વાતો કરી હતી. નિરોણાની આદર્શ ગ્રામ પંચાયતના સરપંચ નરોત્તમભાઈ આહીરે ગ્રામ અસ્મિતા યોજનામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરતા ગેજેટિયર એવોર્ડ મેળવી ગૌરવ અપાવ્યું છે. વિકાસ પેટે ત્રણ લાખ રૂપિયાનો ચેક અર્પણ કરાતા તેમનું સ્થાનિક આગેવાનો દ્વારા તથા ધારાસભ્ય દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ખાતમુહૂર્તમાં આગેવાનોને કંકુ ચાંદલા કરી મંત્રોચ્ચાર સાથે ધાર્મિકવિધિ જય કિશનભાઈ જોશીએ કરાવી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન પટેલ, લાલજીભાઈ રામાણી, કરસનજી જાડેજા, અશ્વિનભાઈ સોની, ધર્મેશભાઈ કેસરાણી, જીતુભા જાડેજા, હરિસિંહ રાઠોડ, જેસાભાઈ ચાડ, રાજુભાઈ ભાનુશાલી, વાલજીભાઈ આહીર, ગજુભા જાડેજા, કાનજીભાઈ આહીર, મહેન્દ્રસિંહ સોઢા, રમેશભાઈ આહિર, કિરણભાઈ ભાનુશાલી, વાલાભાઈ આહીર, રાજેશ ભાનુશાલી, વિરમ આહીર, મુસાભાઈ, બાબુભાઈ માતંગ, ખેંગારભાઈ આહીર, વાડીલાલ પટેલ, નરેન્દ્રસિંહ જાડેજા, રાજેશભાઈ દરજી, રૂપસંગજી જાડેજા, પ્રવીણભાઈ પટેલ સહિતના વંગ, નિરોણા, પાલનપુર, બિબ્બર સહિતના ગામોના સરપંચો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી હરિસિંહ રાઠોડે કર્યું હતું.

# ભાજપ દ્વારા પહેલગામમાં મૃત્યુ પામેલ લોકોને શ્રદ્ધાંજલિ અપાઈ



ભુજ : જમ્મુ કાશ્મીરના પહેલગામ માં થયેલા આતંકી હુમલાથી સમગ્ર દેશના લોકો ભારે આક્રોશમાં છે અને ઠેર ઠેરથી મૃત્યુ પામેલ લોકોને શ્રદ્ધાંજલિ આપી હુમલામાં સામેલ આતંકીઓને જડબા તોડ જવાબ આપવા માંગ થઈ રહી છે ત્યારે ભુજમાં પણ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના માર્ગદર્શન હેઠળ ભુજ શહેર ભાજપ અને ભુજ તાલુકા ભાજપ દ્વારા હમીરસર તળાવ પાસે આ હુમલામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો, જેમાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. તમામ લોકો દ્વારા બે મિનિટ મૌન પાડયા બાદ મીણબત્તી પ્રગટાવી અને ત્યારબાદ હનુમાન ચાલીસાના પાઠ સાથે મૃતકોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ધારાસભ્ય કેશુભાઈ પટેલે મૃતકોને શ્રદ્ધાંજલિ આપી તેમના પરિવાર પ્રત્યે સંવેદના પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આ હુમલો સમગ્ર દેશના નાગરિકો ઉપરનો હુમલો છે. સરકારે આ હુમલા પાછળ જવાબદાર લોકોને કડકમાં કડક શિખામણ મળે તેવા પગલાં લેવા જોઈએ અને ચોક્કસ પણે સરકાર દ્વારા કડક પગલાં લઈ આતંકી ઓને સજા આપવામાં આવશે તેવું જણાવ્યું હતું. કાર્યક્રમ ઉપસ્થિત તમામ લોકોએ આતંકવાદી મુર્દાબાદ, પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, જિલ્લા ભાજપ સંગઠનના જયંતભાઈ માધાપરીયા, રાહુલભાઈ ગોર, શીતલભાઈ શાહ, પ્રફુલસિંહ જાડેજા, નગરપાલિકાના અધ્યક્ષ રશ્મિબેન સોલંકી, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ વરસાણી, કેડીસીસી બેન્કના ચેરમેન દેવરાજભાઈ ગઢવી, ભાડાના પૂર્વ ચેરમેન કિરીટભાઈ સોમપુરા, પૂર્વ જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ પારૂલબેન કારા, ભુજ શહેર ભાજપ અધ્યક્ષ મિત ઠક્કર અને સમગ્ર ટીમ, તાલુકા ભાજપ પ્રમુખ ભીમજીભાઈ જોધાણી અને સમગ્ર ટીમ, યુવા મોરચાના અધ્યક્ષ તાપસ શાહ અને ટીમ, બક્ષીપંચ મોરચાના માવજીભાઈ ગુંસાઈ, અનુ. જાતિ મોરચાના અશોકભાઈ હાથી, લઘુમતી મોરચાના આગેવાનો, મહિલા મોરચાની બહેનો, ચૂંટાયેલા સદસ્યો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન યુવા મોરચાના અધ્યક્ષ તાપસભાઈ શાહે કર્યું હતું. આયોજન ભુજ શહેર અને તાલુકા ભાજપની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હોવાનું કચ્છ જિલ્લા ભાજપના સહ ઈન્ચાર્જ ચેતન કતીરા અને અનવરભાઈ નોડેની યાદીમાં જણાવાયું હતું.

## ચોરીના ગુનામાં ૯ વર્ષથી ફરાર આરોપી ખેડાથી પકડાયો



અંજાર : અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુના કામે છેલ્લા ૯ વર્ષથી નાસતા-ફરતા આરોપી ખુશાલ ઉર્ફે મુન્નો ઈશ્વરભાઈ ચાવડાને ખેડા જિલ્લામાંથી ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પીઆઈ એ.આર.ગોહિલે જણાવ્યું હતું.

# પહેલગાવમાં આતંકી હુમલામાં શહીદ થયેલાઓને ભુજમાં શ્રદ્ધાંજલિ અપાઈ



ભુજ : કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલો કરી ૨૬ લોકોને જાનથી મારી નાખવાની ઘટના તાજેતરમાં બની છે, તેને અહીંની ખાખી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભુજના ભીડનાકા પાસે શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પહેલગામમાં આતંકવાદીઓએ નિર્દોષ ૨૬ લોકોને જાનથી મારી નાખવામાં આવ્યા છે, તેને સખ્ત શબ્દોમાં વખોડી આવા આતંકવાદી તત્ત્વોને ક્યારે પણ સાંખી ન લેવાય. તેવો આક્રોશ સાથે શહીદ થયેલા ભારતીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ વેળાએ ભુજ સીટી પીએસઆઈ શ્રી રાજપૂત, રાજકીય અગ્રણી રાજેન્દ્રસિંહ જાડેજા, જુમ્માભાઈ નોડે, અસરફશા બાવા, કાસમભાઈ કુંભાર, હનીફભાઈ માંજોઠી, કિરણભાઈ, ફકીરમામદ કુંભાર, અનિલ છત્રાળા, અનવર નોડે, મુસ્તાકભાઈ હિંગોરજા, ઈમરાનભાઈ, ઈમરાનભાઈ નોડે, જુનેદ જુણેજા, ગુલામ હુસેન ચૌહાણ, મુસ્તાક ખલીફા, ફારૂકભાઈ, સાબિરભાઈ, રફીક બાવા સહિતના આગેવાનોએ શ્રદ્ધાંજલિ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ખાખી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈમરાનભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સામખિયાળી પોલીસે આઠ મોબાઈલ શોધી પરત અપાવ્યા

ભુજ : સામખિયાળી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલા મોબાઈલની અરજી અનુસંધાને સીઈઆઈઆર પોર્ટલ મારફતે આઠ ગુમ મોબાઈલ શોધી મૂળ અરજદારને પોલીસ સ્ટેશને બોલાવી પરત અપાવાયા હોવાનું પીઆઈ વી.કે. ગઢવીએ જણાવ્યું છે.






PGVCL

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

નાના માવા મેન રોડ-રાજકોટ

CIN U40102GJ2003SGC042908

ગાંધીધામ વિભાગીય કચેરી

રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં, ડી.સી.-૨, ગાંધીધામ

**વીજપૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનુ કે વીજ લાઈન ઉપર ફીડર અગત્યની મેન્ટેનન્સની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં વીજ પુરવઠો ૦૬:૦૦-૧૧:૦૦ બંધ રહેશે.

| તારીખ | ૧૧ કે.વી. | સમાવેશ થતો વિસ્તાર |
|---|---|---|
| ૩૦-૦૪-૨૫ | સત્યમ જે.જી.વાય | કેશવ કુંજ, લકસનગર, ગાયત્રીનગર, ભુકંપનગર, નંદનગર, રોયલશીયા, એકતાનગર |
| ૦૧-૦૫-૨૫ | સીધેશ્વર જે.જી.વાય | પિંક સિટી, કાવ્ય રેસિડેન્સી, સ્વેચીનગર, રાજનગર, મયાત્રા ફળિયું અને અંતરજાળ ગામનો વિસ્તાર |
| ૦૧-૦૫-૨૫ | જંગી એ.જી. | કીડાના, અંતરજાળ, શિણાય, જંગી વાડી વિસ્તાર. |
| ૦૨-૦૫-૨૫ | પરશુરામ જે.જી.વાય | અંતરજાળ સોસાયટી |
| ૦૩-૦૫-૨૫ | આત્મીય જે.જી.વાય | રોયલ ઓર્ચીડ, આશાપુરા વેબ્રીજ, આત્મીય સ્કૂલ, પાર્શ્વમંગલ, શિણાય ગામ, યાદવનગર, કેશવ હોમ, રમાડા હોટેલ, ઓધવ ગ્રીન, શિણાય પોલીસ કવાટર્સ, એકલવ્ય સ્કૂલ |
| ૦૪-૦૫-૨૫ | હરસિદ્ધિ જે.જી.વાય | સંઘડ, માથક, વીરા ગામનો વિસ્તાર તથા માર્વેલાઈટ અને ઈન્ડસ્ટ્રીયલ બેગ પેકેજીંગ |
| ૦૫-૦૫-૨૫ | શિણાય જે.જી.વાય | કાવ્ય રેસિ., સેંટ ઝેવિયર્સ, રોયલ પાર્ક, અંબાજી રેસિ., આકાર વિલા, શિણાય-૪૦, યોગીપુરમ, સ્વેચિધામ, રામેશ્વર |
| ૦૫-૦૫-૨૫ | જંગી એ.જી. | કીડાના, અંતરજાળ, શિણાય, જંગી વાડી વિસ્તાર. |
| ૦૬-૦૫-૨૫ | ચામુંડા જે.જી.વાય | રામપર અને સંઘડ સોલ્ટ વિસ્તાર |

કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગાંધીધામ







## સરહદે સૈન્ય એલર્ટ : યુદ્ધ જહાજ આઈએનએસ વિક્રાંત કચ્છની જળસીમાએ તૈનાત

# નાપાક દુશ્મન દેશને જવાબ આપવા કચ્છ કાંઠે ભારતીય જવાનો તમામ મોરચે સજ્જ

**પહેલગામ આતંકવાદી હુમલા બાદ સરહદે વધી તંગદિલી : જિલ્લાના સરહદી ગામો અને વિસ્તારમાં સૈન્ય વાહનોની અવર-જવર વધી : કચ્છના આકાશ પરથી ઉડાન ભરતા આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનોના માર્ગ બદલાવી દેવાયા**

ભુજ : જમ્મુ - કાશ્મીરના પહેલગામમાં પર્યટકો પર પાકિસ્તાન પ્રેરીત આતંકવાદીઓના હુમલા બાદ ભારત હવે આતંકવાદને મુંહતોડ જવાબ આપવા પ્રતિબદ્ધ થયું છે. ભારત - પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ અને દરિયાઈ સરહદે ભારે તંગદિલી પ્રવર્તિ રહી છે. રણપ્રદેશ કચ્છના સીમાડાના ગામોમાં સૈન્ય વાહનોની અવર-જવર વધી છે, તો ભારતીય નૌસેનાના નવનિર્મિત જહાજ આઈએનએસ વિક્રાંતને કચ્છની જળસીમાના દરિયામાં મોકલી દેવામાં આવ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર જમ્મુ-કાશ્મીર પહેલાગમમાં પર્યટકો પર પાકિસ્તાન પ્રેરીત આતંકવાદીઓએ હુમલો કરી નિર્દોષ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ કાયરતાપૂર્ણ હુમલા સામે દેશભરમાં જનાક્રોશ ભભૂકી રહ્યો છે. ભારતે પણ આતંકવાદના ખાત્મા માટે કમર કસી છે ત્યારે ભારત - પાક સરહદે ભારે તંગદિલી જોવા મળી રહી છે. પાકિસ્તાન સરહદે કચ્છ જિલ્લાના સીમાડાના ગામોમાં સૈન્ય વાહનોની અવર જવર વધી છે સાથે જ ઝડપભેર પરિસ્થિતિ બદલી રહી છે. અરબ સાગરમાં ભારતીય નૌસેનાએ મોરચો સંભાળ્યો છે, તેથી ભારતીય નૌસેનાના નવનિર્મિત જહાજ આઈએનએસ વિક્રાંતને કચ્છની જળસીમાના દરિયામાં મોકલી દેવાયું છે. ભારતીય નૌસેનાની તાકાત ગણાતા આઈએનએસ વિક્રાંતમાં મીગ-૨૯ વિમાનો અને અનેક હેલિકોપ્ટર પણ તૈનાત છે.

પાકિસ્તાને તેના એરોસ્પેસ પરથી ભારતના પંજિકૃત થયેલા વિમાનો કે લીઝ પર ચાલતા વિમાનોના ઉડ્ડયન પર રોક લગાવી છે, જેના પગલે કચ્છના આકાશ પરથી ઉડ્ડયન ભરી રહેલા સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય વિમાનોના માર્ગ બદલાવી દેવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં એફઆઈઆર કરાચી, એફઆઈઆર લાહોર તેમજ બલુચિસ્તાન અને ખૈબર વિસ્તારમાં ત્રણ જુદા-જુદા એરોસ્પેસ છે. કચ્છની સીમાને લાગે વળગે છે ત્યાં સુધી એફઆઈઆર કરાચીનો હવાઈ માર્ગ ઉત્તર અમેરિકા, યુકે, યુરોપ, મધ્ય અને પશ્ચિમ એશિયાના દેશો તરફ આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનો માટે ઉપયોગમાં લેવાય છે. એરોસ્પેસ એફઆઈઆર કરાચીની ઉત્તરે લાહોર, પૂર્વમાં દિલ્હી, દક્ષિણમાં મસ્કત અને પશ્ચિમમાં તહેરાનના એરોસ્પેસ આવેલા છે. અખાતી દેશો તરફ જતા મોટાભાગના વિમાનો તે રૂટ પરથી પસાર થાય છે, જેથી ભારતીય વિમાની કંપનીઓએ આ હવાઈ માર્ગ પરના ઉડાનોને અન્ય માર્ગે વાળી દીધા છે.

# સરલીની સીમમાં ધમધમતું કત્તલખાનું પકડાયું

**માનકૂવા પોલીસે દરોડો પાડી કત્તલ કરવાના સાધનો સહિત ૨૫૦ કિલો ઊંટનું માંસ કબજે કર્યુ : ઊંટને લઈ આવવા માટે ઉપયોગમાં લેવાયેલ ટ્રેક્ટર સહિતના છ વાહનો પણ કબજે કરાયા**



ભુજ : તાલુકાના સરલી ગામની સીમમાં ઝિઝુટીંબા પાસે આવેલ વિસ્તારમાં કેટલાક ઈસમો ઊંટની કત્તલ કરી માંસની મિજબાની માણતા હોવાની ફરિયાદ આધારે માનકૂવા પોલીસે દરોડો પાડતા આરોપીઓ ભાગી ગયા હતા. જોકે, સ્થળ પરથી મુદ્દામાલ મળી આવ્યો હતો.

આ બાબતે મળતી વિગતો મુજબ બે ઊંટનું અહીં કત્તલ કરવામાં આવ્યું હતું. કોઈપણ જાતની પરવાનગી વિના બે ઊંટને ક્રુરતા પૂર્વક રહેંસી નાખવામાં આવ્યા હતા. સ્થળ પરથી ૨૫૦ કિલો માંસ કિંમત રૂા.૭૫ હજાર, નાની મોટી ૧૫ છરી, એક કૂહાડી, ત્રણ લાકડાના થડા, એલ્યુમિનિયમના ૧૮,૫૦૦ના વાસણો તથા ટ્રેક્ટર નં.જીજે૧૨ -સીડી-૪૪૧૯, એક્સેસ નં. જીજે૧૨ -ઈએચ-૬૭૮૦, પલ્સર નં.જીજે૧૨ -સીજે-૯૨૮૪, સ્પ્લેન્ડર બાઈક નં.જીજે૧૨-ડીબી-૨૬૧૫, જીજે૧૨-એચડી-૯૬૪૨, પલ્સર બાઈક નં.જીજે૧૨-ઈએમ-૧૯૦૧ મળી આવી હતી. પોલીસને જોઈ આરોપીઓ ભાગી ગયા હતા. માનકૂવા પોલીસે છ વાહનોના ધારકો સામે પશુ પત્યરે ઘાતકી પણા અટકાવવાની કલમો તળે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. આરોપીઓ કેટલા સમયથી કત્તલખાનું ચલાવતા હતા તે સહિતની દિશામાં તપાસ કરી આ ઈસમો સામે ધાક બેસાડતી કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બની રહે છે.

## ભુજની સંસ્થા દ્વારા વિશ્વ પુસ્તક દિનની ઉજવણી

ભુજ : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા વિશ્વ પુસ્તક દિવસની કાશ્મીર દુર્ઘટના આઘાતથી સાદગી સાથે શ્રદ્ધાંજલિ આપી ઉજવણી કરવામાં આવી હતી. દિલીપ આચાર્ય, દીપિકા ચાવડા, ઉષા દાવડા, બંકિમ બ્રહ્મભટ્ટ, આરતી જોષી, કેશવજી લોન્ચા, ખૂશ્બુ સરવૈયા, નેહા વ્યાસ, ચંદુભાઈ ગોર, મગનભાઈ ઠક્કર, કનૈયાલાલ અબોટી, રાજેશ સોની, મીરા વ્યાસ, પુસ્તક પિરામિડ, બીના પીઠડીયા, કિરણ ચોનકર, વિનોદ ગોર, મદન ભટ્ટ, મનોજ પંડ્યા, ઉષા દાવડા, પ્રતાપ નેત્રા, મનીષા વીરા, કેતના છેડા, નિકિતા પપાનીયા, જયંત વેદિયા, હરેશ જોષી, રમેશ પટેલ વિગેરે જોડાયા હતા.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વિવિધ વિદ્યુત કાર્ય અને પાણીની વ્યવસ્થા, એર-કન્ડિશનિંગની જોગવાઈ અને રૂફટોપ આધારિત સોલાર પ્લાન્ટ્સ ની સ્થાપના**

**ઈ-ટેન્ડર - નોટિસ નં. Sr. DEE/ADI/05 (25-26) તા. 24.04.2025**

| અનુ નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત ખર્ચ | ઈએમડી |
|---|---|---|---|---|
| 1. | EL-50-1-ADI-T -05-2025-26 | અમદાવાદ ડિવિઝન: 05 સ્ટેશનો - તલોદ, નાંદોલ, દહેગામ, પાટણ, માળીયા મીયાણા, અંજાર, ખાતે પ્લેટફોર્મ ઊંચાઈ વધારવી, પાલનપુર રેલવે કોલોની ખાતે પાણી વ્યવસ્થાની આપૂર્તિ, કોલોની રોડ, અંડર ગ્રાઉન્ડ ડ્રેઇન, OH ટાંકી અને સમ્પ ઉપલબ્ધ કરાવવા અને ICD કાંકરિયા ખાતે ટ્રેક પીટ કોલમ્સ, પીટ લાઇન કેટવોક માટે સુધારણા તેમજ કાંકરિયા યાર્ડ ખાતે કેટવોક પીટ લાઈન નં. 1 ને તોડી પાડવું અને પુન:નિર્માણના સંબંધમાં ઇલેક્ટ્રિકલ કામ. | ₹ 1,25,46,202/- | ₹ 2,12,700/- |
| 2. | EL-50-1-ADI-T -06-2025-26 | અમદાવાદ ડિવિઝન - સાબરમતી અને ગાંધીગ્રામ રેલવે કોલોની માં લક્સ લેવલ ની સુધારણા અને કોમ્યુનિટી હોલ - મહેસાણા ખાતે એયર-કન્ડિશનિંગ ની જોગવાઇના સંબંધમાં ઇલેક્ટ્રીકલ કામ. | ₹ 56,99,170/- | ₹ 1,14,000/- |
| 3. | EL-50-1-ADI-T -07-2025-26 | અમદાવાદ ડિવિઝન - વિવિધ સ્થળો ખાતે રૂફટોપ આધારિત સોલાર પ્લાન્ટ્સ ની સ્થાપના કરવાના સંબંધમાં ઇલેક્ટ્રીકલ કામ. | ₹ 14,00,28,226/- | ₹ 8,50,200/- |

**તમામ ટેન્ડર માટે : જમા કરાવવાની તારીખ અને સમય:** તા 20.05.2025 ના 15:00 કલાક સુધી; **ખોલવાની તારીખ અને સમય:** તા. 20.05.2025 ના 15:30 કલાકે; **ઓફિસનું સરનામુ:** સિનિ. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પ.રે.) ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345; વેબસાઈટ વિગત: www.ireps.gov.in 021

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

